પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૬/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ જેઠ સુદ–૮ વર્ષ : ૧૬ અંક : ૧૪૭



સુવિચાર
સમજી શકનાર માણસની માથે જ સમજવાની જવાબદારી હંમેશા વધારે આવતી હોય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭



SINCE 1999
હરિ ૐ PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કેસર શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099


## ''મા વગર મા પણ ન પીરસે'' તેવી કહેવત વચ્ચે કોઈપણ માંગ વગર ગ્રાન્ટ મંજૂર

# આનંદો : અમરેલી માર્કેટયાર્ડને રૂપિયા ૧ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ

**ખેડૂતો માટે ૮૦ વિઘા જમીન ઉપર માર્કેટયાર્ડ ધમધમતું હોય વધારાની ૪૦ વિઘા જમીન ઉપર વિકાસ થઈ રહ્યો છે**

**૨૦ વિઘા જમીન ઉપર રોડ, વે-બ્રીજ, ભૂગર્ભ ગટર સહિતની સુવિધા ઉભી કરવામાં આવી રહી છે**

**અંદાજિત ૧૨ કરોડનાં ખર્ચે થતાં વિકાસકાર્યોમાં ૧ કરોડની ગ્રાન્ટ અતિ મહત્વની ઉપયોગી થશે : પી.પી. સોજીત્રા**

**એક સમયે માર્કેટયાર્ડનાં ડાયરેક્ટર રહેલ વર્તમાન નાયબ દંડક કૌશિક વેકરિયાએ ડીએમએફની ૧ કરોડની ગ્રાન્ટ મંજૂર કરાવી**







અમરેલી, તા. ૨

હાલ અમરેલી માર્કેટયાર્ડ ૮૦ વિઘામાં કાર્યરત છે તેમજ દિવસે ને દિવસે જણસીની આવકો વધતી હોય અને ખેડૂતોને લાઈનમાં લાંબો સમય ઉભા ન રહેવુ પડે જેથી ખેડૂતોનાં હિતને ધ્યાને લઈને માર્કેટયાર્ડ ધ્વારા ૬ માસ પહેલા જ નવી ૪૦ વિઘા જમીન ખરીદ કરી લીધેલ છે. આ નવી ખરીદ કરેલ જમીનમાં માળ ખાગત સુવિધાઓ જેમ કે શેડ, વે–બ્રીજ, અંડરગ્રાઉન્ડ ભૂગર્ભ ગટર, ટોયલેટ બ્લોક વગેરે ઉભી કરવા માટે ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ) માંથી અમરેલી માર્કેટયાર્ડને ખેડૂતોનાં હિત માટે રૂા. ૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. આ ફાળવવામાં આવેલ ગ્રાન્ટની અમોને જાણ પણ ન હતી અને માર્કેટયાર્ડ ધ્વારા કોઈ અરજી પણ કરવામાં આવેલ ન હતી તેમ છતાં કૌશિકભાઈ ધ્વારા પોતાની માતૃ સંસ્થામાં ડાયરેકટર હતા જેથી ખેડૂતોને વિકાસ અને સુવિધાઓ માટે રૂા. ૧ કરોડ ફાળવેલ છે. હાલ, માર્કેટયાર્ડ ધ્વારા રૂા. ૧૨ કરોડનાં ખર્ચે બે લાખ ચોરસ ફૂટનો વિશાળ શેડની કામગીરી ચાલું હોય જે થોડા સમયમાં પુરો થવાનાં આરે છે તેમજ નવી ખરીદ કરેલ ૪૦ વિઘા જમીનમાં દિવાલ, શેડ, અડરગ્રાઉન્ડ ગટર, વે–બ્રીજ વગેરે સુવિધાઓ ઉભી કરવા માટે સંસ્થાને રૂા. ૨૦ કરોડ જેવો ખર્ચ થતો હોય જેના અનુસંધાને સંસ્થા ધ્વારા એચડીએફસી બેન્કમાંથી રૂા. ૫ કરોડની લોન મેળવેલ હોય અને આવા સમયે કૌશિકભાઈએ ફાળવેલ રૂા. ૧ કરોડની ગ્રાન્ટની સંસ્થાને ખૂબ જ ઉપયોગી સાબિત થશે. તેવું અમરેલી માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા ધ્વારા એક અખબાર યાદીમાં જણાવેલ છે.

## આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈને પોલીસની લાલ આંખ

# અમરેલી જિલ્લામાં દારૂનું વેચાણ અને સેવન કરનાર વિરૂધ્ધ ૭૩ ગુન્હાઓ નોંધી કાર્યવાહી કરવામાં આવી

**૪૧ જેટલા નશેડીઓ અને ૩૧ જેટલા દારૂની હેરફેર કરનારને ઝડપી લેવાયા**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા જિલ્લામાં આગામી ગ્રામપંચાયતની ચુંટણીને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થા વધુ કડક કરવા તથા જિલ્લામાં દારૂ જુગાર તથા રેતી ચોરી જેવા બનતા બનાવો સામે કડક કાર્યવાહી કરવા સુચના આપતા અમરેલી જિલ્લા

અનુસંધાન પાના ૬ ઉપર

## ભાવનગર–વેરાવળ નેશનલ હાઈ–વે ઉપરની ઘટના

# નાગેશ્રીના બાઈક સવાર તરૂણનું કાર ચાલકે હડફેટે લેતા મોત નિપજયું

**અજાણ્યા કાર ચાલકની પોલીસે શોધખોળ આદરી**

અમરેલી, તા. ૨

ભાવનગર–સોમનાથ હાઈ–વે પર દિન પ્રતિદિન અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. ત્યારે ફરી એકવાર આ હાઈવે ઉપર એક અકસ્માતની ઘટના બનવા પામેલ જાફરાબાદના નાગેશ્રી ગામે નેશનલ હાઈ–વે ઉપર આ અકસ્માતની ઘટના બનવા પામી જેમાં આ અકસ્માતમાં ટુ વ્હીલ અને ફોરવીલનો ગંભીર અકસ્માત સર્જાયો છે. જાણવા મળતી વિગત મુજબ ઉના તરફથી પુરપાટ ઝડપે આવી રહેલ કાર ચાલકે વ્હીલર ચાલકને ટકકર મારતા ટુ વ્હીલર ચાલકનું ઘટના સ્થળે મોત થયેલ છે. ઉપરોકત ઘટનાની જાણ નાગેશ્રી પોલીસને થતા નાગેશ્રી પોલીસ ઘટના સ્થળે દોડી આવેલી મૃતક યુવકને

અનુસંધાન પાના ૬ ઉપર


નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
સરનામું
નારી હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪





શ્રીજી વિદ્યાર્થી ભુવન
શ્રી સરસ્વતી વિદ્યાલય
હોસ્ટેલ પ્રવેશ.. હોસ્ટેલ પ્રવેશ..
દિપક પી. વઘાસિયા સંચાલકશ્રી
ધોરણ : ૪ થી ૧૨
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી
સ્કૂલ – હોસ્ટેલની ઉતમ સુવિધા
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવો..
સંપૂર્ણ કેળવણીનો અહેસાસ ઘરથી દુર બીજુ એક ઘર એટલે શ્રીજી વિદ્યાર્થી ભુવન
હોસ્ટેલ પ્રવેશ
એસ.ટી. ડિવિઝન પાસે, લાઠી રોડ, અમરેલી / મો.૯૪૨૬૯ ૭૯૬૪૨/૬૩૫૧૯ ૬૪૨૭૩/૭૦૪૩૦ ૧૯૭૨૭









Gold Project
અમારી નવી યોજના 'Gold Project' યોજનાની વધુ માહિતી માટે સંપર્ક કરશો
શ્રીજી કન્સલ્ટન્સી
C/o સોના રૂપા જ્વેલર્સ, દાણા બજાર, ટાવર પાસે–અમરેલી
સમય : બપોરે ૪:૦૦ કલાક થી ૭:૦૦ કલાક
Mo. 94261 25285



તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે
અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ–વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.
સાડા પાંચ વીઘા જમીન, ૧૫x૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેકટ્રીક લાઈટ કનેકશન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.
સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧



વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::– ધો–9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
જ્યાં થશે Advance Maths-Science, રીઝનિંગ English અને ની બધા દુ કેટ તૈયારી.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પક હેતુલક્ષી પ્રશ્નો :: 15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
● Smart Board ધરાવતા ક્લાસ..
● અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ભાઈઓ–બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## લાકડામાંથી બનાવેલ ઓરણીનું સ્થાન ઓટોમેટિક ઓરણીએ લઈ લીધુ

# એક સમયે અતિ ઉપયોગી ઓરણી આજે શોભા સમાન બની

અગાઉનાં જમાનામાં ખેડૂતો વાવણી કરવા માટે બળદથી ચાલતી ઓરણીનો ઉપયોગ કરતા હતા

દાયકાઓ પહેલા સાગ, સિસમ જેવા લાકડામાંથી ઓરણી બનાવાતી હતી

ઓરણીમાં સુથાર હોલ પાડતા અને ઘાટ પણ આપતા હતા

વર્તમાન સમયમાં ઓટોમેટિક સિસ્ટમથી ટ્રેક્ટરમાં લાગે છે ઓરણી





અમરેલી, તા. ૨

આગામી થોડા દિવસમાં ચોમાસાની શરૂઆત થનાર છે. સારો વરસાદ થતાં જ જગતાત ખેતીકામમાં જોતરાશે. ત્યારે ખેતીકામની શરૂઆતમાં જ વાવણી કાર્યમાં મહત્વના ઉપયોગમાં આવતી ઓરણી વિષે મહત્વની વાત જાણીએ.

અમરેલી જિલ્લા સહિત સૌરાષ્ટ્રમાં ઘણાં વર્ષો પહેલા લાકડામાંથી બનાવેલ ઓરણીનો ઉપયોગ ખેતી કાર્યમાં કરવામાં આવતો હતો. હાલ આધુનિક યુગમાં આ લાકડામાંથી બનાવેલી ઓરણી લુપ્ત થઈ રહી છે. આ લુપ્ત થતી ઓરણીનું સ્થાન આધુનિક ઓટોમેટિક ઓરણીએ લઈ લીધું છે. હાલના સમયે લાકડામાંથી બનાવેલી ઓરણી માત્ર ઘરના દરવાજે શો–પીસ તરીકે રાખવામાં આવે છે.

ખેડૂત અગ્રણી ચિરાગભાઈ હિરપરાએ જણાવ્યું હતું કે, પોતાને ૩૦ વિઘા જમીન છે. પોતાના પિતા વર્ષોથી ખેતી કરે છે અને વરસો પહેલા લાકડામાંથી બનાવેલ ઓરણીનો ખેતીકામમાં વાવણી કરવામાં ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ હાલના સમયે આ ઓરણીનું સ્થાન ઓટોમેટીક ઓરણીએ લઈ લીધું છે.

અગાઉના જમાનામાં બળદથી ચાલતી આ લાકડામાંથી બનાવેલી ઓરણી જે તે સમયે ખેડૂત ચોમાસામાં વાવણી કરવા માટે ઉપયોગ કરતા હતા. પરંતુ હાલના સમયમાં આધુનિક ટેકનોલોજી આવતા હવે ઓટોમેટીક ઓરણી આવી ગઈ છે. બળદથી ચાલતી ઓરણીમાં અલગ અલગ ફેરફાર કરી અને અત્યારના સમયે ઓટોમેટીક ખેતરની અંદર ટ્રેકટરની પાછળ ઓરણી લગાવી અને વાવેતર કરવામાં આવે છે.

અગાઉ આ લાકડાની ઓરણીમાં ખાતર અને બિયારણ બંને સાથે નાખવામાં આવતું હતું અને ત્રણ લાઈનનું વાવેતર લાકડાની ઓરણીથી કરવામાં આવતું હતું. પરંતુ હાલના સમયે આધુનિક ટેકનોલોજી આવતા એક સાથે ૧૬ લાઈનનું વાવેતર કરવામાં આવે છે.

વધુમાં જણાવ્યું કે, આ લાકડામાંથી બનાવેલી ઓરણી ખાસ પ્રકારના લાકડામાંથી બનાવવામાં આવતી હતી. જેમાં સાગ, સીસમના લાકડાનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હતો અને એક લાકડામાંથી જ આ ઓરણીમાં સુથાર હોલ પાડતા હતા અને ઓરણીને ઘાટ પણ આપતા હતા અને ઓરણી ઉપર અલગ અલગ ડિઝાઈન પણ બનાવવામાં આવતી હતી અને જેનો ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ હવે આ ઓરણી હાલ લુપ્ત થઈ છે.

હાલમાં અત્યંત આધુનિક ટેકનોલોજી આવતા અને હવે ખેતીકામમાં પણ ઓટોમેટીક સિસ્ટમ આવી ગઈ છે અને ઓટોમેટીક સિસ્ટમથી ખેતરમાં ટ્રેકટર પાછળ ઓરણી જોડવામાં આવે છે અને જેમાં એક સાથે ૪ થી લઈ ૩૦ લાઈનનું એકી સાથે વાવેતર કરવામાં આવે છે તેથી સમય શકિતની બચત થાય છે.

---

### રૂપિયા ૩૬૦૦માં ગેસ સીલીન્ડર આપવાનું કહીને

## રાજુલાનાં ભેરાઈ ગામનાં ખેડૂત સહિત ૨ વ્યકિત સાથે છેતરપીંડી કરાઈ

**બે વ્યકિતઓ પાસેથી ૧૪,૪૦૦ મેળવી લીધા**

અમરેલી, તા. ૨

રાજુલા તાલુકાના ભેરાઈ ગામે આવેલ સ્વામી મંદિર પાસે રહેતા શિવાભાઈ રામભાઈ રામ નામના ખેડુતને કોઈ અજાણ્યા ઈસમે મોબાઈલ નંબર ૬૩૫૨૪૪૪૧૮૧ ઈન્ડીયન ગેસમાંથી બોલુ છું તેમ કહી તમારે ગેસ સિલીન્ડર જોઈતો હોય તો અત્યારે સ્કીમ છે કે રૂપિયા ૩૬૦૦ માં ગેસના બે સિલિન્ડર તથા બે ચૂલો તથા બે રેગ્યુલેટર આવે છે. તેવી સ્કીમ આપી ખેડૂતને વિસમાં લઈ તેમની પાસેથી કુલ રૂપિયા ૭૨૦૦ તથા બીજા પાસેથી પણ રૂપિયા ૭૨૦૦ મેળવી લઈ કુલ રૂપિયા ૧૪,૪૦૦ ના G-PAY સ્કેનરના UPI ID-vvegad009@oksbiમાં ટ્રાન્જેકશન કરાવી ખેડૂત સહિત બે સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### રૂપિયા ૧૨૦૦ ઉછીના લીધા હોય પરત ન કરતા

## લીલીયાનાં પુંજાપાદર ગામનાં યુવક ઉપર ૪ ઈસમોએ કર્યો છરી વડે હુમલો

**સાવરકુંડલા પંથકનાં ઈસમો વિરૂઘ્ધ ગુન્હો નોંધાયો**

અમરેલી, તા. ૨

લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે રહેતા નિલેષભાઈ નરેશભાઈ રાઠોડ નામનાં ૨૨ વર્ષિય યુવકે સાવરકુંડલા ગામે રહેતા આરોપી વિક્રમભાઈ ભરતભાઈ નગવાડીયા પાસેથી થોડા સમય પહેલા રૂપિયા ૧૨૦૦ હાથ ઉછીના લીધેલ હોય. જે પૈસા પરત લેવા વિક્રમભાઈ નગવાડીયા સહિત ચારેય આરોપીઓએ ગત તા. ૩૧ ના બપોરના આશરે ૩:૩૦ વાગ્યે એકસંપ કરી પુંજાપાદર ગામે રોડ ઉપર આવી યુવક પાસેથી પૈસા માંગતા યુવક પાસે હાલ પૈસા નહી હોવાનુ જણાવતા તમામ આરોપીઓએ યુવકને ગાળો આપતા સામ–સામે બોલાચાલી થતા આરોપીએ યુવકના ડાબા પડખામાં છરીનો એક ઘા મારી તથા તમામ આરોપીઓએ યુવકને ઢીકાપાટુનો મુંઢ માર મારી ડાબા પડખામાં ઈજા કરી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### ૩ જુન, વિશ્વ સાઈકલ દિવસ

## સાઈકલ સાઈકલ, મારી સોનાની સોનાની સાઈકલ



અમરેલી, તા. ૨

સંયુકત રાષ્ટ્ર ધ્વારા પ્રથમ સતાવર વિશ્વ સાયકલ દિવસ ૩ જુન ૨૦૧૮ના રોજ ઉજવવામાં પણ છેલ્લા ત્રણ વર્ષથી આ દિવસ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ પાછળનું કારણ કોરોના કાળ હોય શકે છે. તેમ કહેવામાં કોઈ અતિશયોકિત નથી. પરિવહન માટેનાં એક સરળ વ્યાજબી, વિશ્વસનીય અને વાતાવરણની સુરક્ષાને પ્રોત્સાહિત કરતા સાધન સાઈકલનું મહત્વ લોકો સુધી પહોંચાડવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. યુરોપિયન દેશોમાં સાયકલનો ઉપયોગ કરવાનો વિચાર ૧૮મી સદીનાં અંતમાં જ લોકોના મગજમાં આવી ગયો હતો. જો કે પ્રથમ વર્ષ ૧૮૧૬માં પેરિસિયન કારીગરે તેને એક આકૃતિનું રૂપ આપ્યું એ વખતે તેને હોબી હોર્સ એટલે લાકડીનો ઘોડો કહેવામાં આવતું હતું. અને ત્યારબાદ ૧૮૬૫માં સાઈકલનું મૂળ સ્વરૂપ અસ્તિત્વમાં આપ્યું હતું. ભારતમાં સાયકલે આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી આઝાદી પછી ઘણા દાયકાઓ સુધી સાયકલ ટ્રાફિકનો મહત્વનો ભાગ રહી. ૧૯૬૦ થી ૧૯૯૦ ના દાયકા સુધી ભારતમાં મોટાભાગનાં પરિવારો પાસે સાયકલ હતી. એ સમયે તે એક મહત્વપૂર્ણ અને વ્યાજબી સાધન હતું. ભારતીય ટપાલ ખાતાની આખી સિસ્ટમ સાયકલથી ચાલતી હતી. આજે પણ પોસ્ટમેન સાયકલ ધ્વારા પત્રો વહેંચે છે.

સાયકલ ગામડાઓમાં ખેડૂતો માટે બજાર સુધી પાકને પહોચાડવાનું સાધન રહ્યું. આજે પણ અમુક અંશે યથાવત છે. દૂધ વેચનાર માટે પણ સાઈકલ એક મહત્વપૂર્ણ સાધન છે અને પ્રમાણમાં ઓછી આવક ધરાવતા મજૂરો માટે તે ઉતમ વાહન છે.

–દરરોજ અડધો કલાક સાયકલ ચલાવવાથી સ્થુળતા, ખાસ કરીને પેટની ચરબી ઓછી થાય છે. –દરરોજ સવારે સાયકલ ચલાવવાથી તાજી હવા પણ મળ છે અને તમારી ફિટનેસને જાળવી રાખે છે. –સાયકલ ચલાવવાથી રોગપ્રતિકારક શકિત પણ સારી રહે છે. એક અહેવાલ મુજબ સાયકલ ચલાવવાથી ઈમ્યુન સેલ્સ એકિટવ થઈ જાય છે જે રોગનું જોખમ ઘટાડે છે. –એક શોધ મુજબ રોજ ૩૦ મિનિટ સાયકલ ચલાવવાથી વ્યકિતનું મગજ સામાન્ય વ્યકિત કરતા વધુ સકિય રહે છે અને બ્રેન પાવરમાં પણ ૧૫ થી ૨૦ ટકાનો વધારો થાય છે. – સાયકલમાં ડીઝલ અથવા પેટ્રોલની જરૂર રહેતી નથી અને સ્વાસ્થ્ય પણ જળવાય છે. તેનાથી પ્રદૂષણ ફેલાતું નથી માટે તે પર્યાવરણ માટે પણ અનુકુળ છે.

**–મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

---

### કુવામાં પાણી જોવા જતાં બન્યો બનાવ

## સાવરકુંડલાનાં અમૃતવેલ ગામે કુવામાં પડી જવાથી યુવકનું કમકમાટીભર્યુ મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ ગામે રહેતા હરિકુષ્ણ રાજેશભાઈ વેકરીયા નામના ૨૪ વર્ષિય યુવક ગત તા. ૧ના રોજ સાંજે ૬:૩૦ વાગ્યાનાં સમયે અમૃતવેલ ગામે પંચાયતના પાણીના કુવામાં પાણી જોવા જતા અચાનક જ પગ લપસી જવાથી તે કુવામાં પડી જતા તેમનું પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### સાવરકુંડલા વિભાગીય નાસતા ફરતા સ્કવોર્ડનો સપાટો

## પિપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુન્હો કરી ૧૩ વર્ષથી નાસતો–ફરતો આરોપી ઝડપાયો

**આરોપીને હરિયાણાના ગુરૂગ્રામથી દબોચી લેવાયો**



અમરેલી, તા. ૨

સાવરકુંડલા ડીવીઝન નાસતા ફરતા સ્કવોર્ડના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેકટર પી.વી. પલાસની ટીમ દ્વારા પિપવાવ મરીન પોલીસ સ્ટેશનના ગુન્હા રજી.નં. ૫૭/૨૦૧૨ ફોરેનર્સ એકટ ૧૯૪૬ની કલમ ૧૪ની પેટા કલમ બી તેમજ ૧૪–સીના ગુન્હાના કામે પોતાની ધરપકડ ટાળવા નાસતા ફરતા પરાગ જાદવચંદ્ર ફુકન (ઉ.વ. ૭૫) નું રાજુલા કોર્ટ ધ્વારા સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ ઈસ્યુ થયેલ હતું અને આ આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય. જે અંગેની ચોક્કસ બાતમી નાસતા ફરતા સ્કવોર્ડને મળેલ તેના આધારે તે આરોપીને ગુરૂગ્રામ રાજય હરીયાણા મુકામેથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે મરીન પિપાવાવ પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે.

---

# ચમારડીનાં પાદરમાં ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાનાં જન્મદિનની ઉજવણી






બાબરા તાલુકાના ચમારડીના રહીશ ગોપાલભાઈ પ્રાગજીભાઈ વસ્તરપરાના ''જન્મ દિવસ'' નિમિત્તે ચમારડી જાહેર બસ સ્ટેશન ઉપર જન્મ દિવસની ઉજવણી કરવામાં આવેલ છે. ''જન્મ દિવસ'' ઉજવણીમાં તમામ સમાજને એક સાથે રાખી ગ્રામજનો દ્વારા જન્મ દિવસની ઉજવણી કરવમામાં આવેલ અને તેમાં કોઈપણ જ્ઞાતિ–જાતિના ભેદભાવ વગર તમામ સમાજના લોકોને સાથે રાખી કેક ખવડાવી અને જન્મદિનની ઉજવણી કરેલ જેમા કોઈપણ જાતના જ્ઞાતિ ભેદ રાખ્યા વગર ગામને સમરસ કરવાના એક નેઈ ઈરાદાથી જાહેરમાં જન્મ દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમા અમોને ગ્રામજનો તથા દલીત સમાજના આગેવાનો જીતુભાઈ મનસુખભાઈ મેવાડા, શૈલેષભાઈ મોહનભાઈ મેવાડા, રવિભાઈ મનુભાઈ દાફડા, વિનુભાઈ કમાભાઈ દાફડા, વિનુભાઈ નાજભાઈ ચોપડા, અશોકભાઈ હીરાભાઈ દાફડા વગેરે આગેવાનો હાજર રહેલ. ''ગોપાલભાઈ વસ્તરપરા'' જન્મદિન ઉજવણીમાં ભાગ લીધેલ એક સાથે કેક અને ભોજન કરી સમરસ્તાનું ઉદાહરણ પુરૂ પાડેલ. તેવું જીતુભાઈ મનસુખભાઈ મેવાડાની યાદીમાં જણાવેલ છે.

### ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કહ્યું

# ઓપરેશન સિંદૂરથી ભારતે આતંકવાદ વિરૂદ્ધ એક નવી લક્ષ્મણ રેખા બનાવી

**અમે દાયકાઓથી આતંકવાદનો સામનો કરી રહ્યા છીએ : અમે અમારા અનેક લોકોને ગુમાવ્યા છે : હવે અમે તેને ખતમ કરવા માગીએ છીએ : CDS જનરલ**

નવી દિલ્હી, તા. ૨

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને પાકિસ્તાનના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફ કમિટીના અધ્યક્ષ જનરલ સાહિર શમશાદ મિર્ઝાએ સિંગાપોરમાં શાંગરી-લા ડાયલોગના અનેક સેશનમાં ભાગ લેતાં ભારત-પાકિસ્તાન તંગદિલી વચ્ચે એક-બીજાને ખુલ્લેઆમ ચેતવણી આપી છે. જેમાં જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું કે, ઓપરેશન સિંદૂરથી ભારતે આતંકવાદ વિરૂદ્ધ અસહિષ્ણુતાની એક નવી લક્ષ્મણ રેખા બનાવી છે. જેને પાર કરવાનો પ્રયાસ ન કરવામાં જ ભલાઈ છે. CDS જનરલ અનિલ ચૌહાણે પાકિસ્તાન વિરૂદ્ધ ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ભારતે જે કર્યું છે, તે રાજકીય રૂપે કર્યું છે. તેણે આતંકવાદ વિરૂદ્ધ અસહિષ્ણુતાની એક નવી લક્ષ્મણ રેખા બનાવી છે. મને આશા છે કે, આ વિશેષ ઓપરેશન મૂળ રૂપે સૈન્ય ક્ષેત્રમાં છે. અમારા વિરોધીઓને બોધપાઠ આપનારુ રહ્યું છે. તેઓ હવે સમજી ગયા હશે કે, ભારતની સહનશીલતાની એક મર્યાદા છે. અમે દાયકાઓથી આતંકવાદનો સામનો કરી રહ્યા છીએ. અમે અમારા અનેક લોકોને ગુમાવ્યા છે. હવે અમે તેને ખતમ કરવા માગીએ છીએ.સેશનમાં પાકિસ્તાન જનરલ સાહિર શમશાદ મિર્ઝાએ બંને દેશોના સંઘર્ષમાં સમાધાન પર ભાર મૂકતાં કહ્યું કે, બંને દેશોએ મેનેજમેન્ટના બદલે સમાધાનકારી વલણ અપનાવવું જોઈએ. સમાધાનની ગેરહાજરીમાં ચેતવણીઓ વિનાશને આમંત્રણ આપી શકે છે. 'રિજનલ ક્રાઈસિસ મેનેજમેન્ટ મિકેનિઝમ્સ' શીર્ષક હેઠળના એક સેશનમાં પેનલ ચર્ચામાં મિર્ઝાએ જણાવ્યું હતું કે, સમાધાન તરફ આગળ વધવાથી કાયમી શાંતિ અને સુનિશ્ચિત સંકટ મેનેજમેન્ટ સુનિશ્ચિત થઈ શકે છે. મિર્ઝાએ આગળ કાશ્મીર મુદ્દાનો પણ ઉલ્લેખ કરતાં કહ્યું કે, દક્ષિણ એશિયામાં સ્થાયી શાંતિ માટે યુએન સિક્યોરિટી કાઉન્સિલના પ્રસ્તાવો અને લોકોની આકાંક્ષાઓને અનુરૂપ કાશ્મીર મુદ્દાનો ઝડપી ઉકેલ લાવવો આવશ્યક છે. ભારતીય નીતિઓને ધ્યાનમાં લેતાં ક્રાઈસિસ મેનેજમેન્ટ મિકેનિઝમની ગેરહાજરીમાં વૈશ્વિક શક્તિઓ પાસે આ મુદ્દે હસ્તક્ષેપ કરવા માટે પૂરતો સમય નથી. શત્રુતા દૂર કરવા માટે પણ સમાધાન લાવી શકે તેમ નથી. તેઓ આ મુદ્દા પર થઈ રહેલા નુકસાન અને વિનાશથી બચાવવા માટે મોડા પડ્યા છે. પાકિસ્તાન અને ભારત વચ્ચે જે મૂળ છે તે કાશ્મીર છે. જ્યાં સુધી આ મુદ્દાનો સ્થાયી ઉકેલ નહીં આવે ત્યાં સુધી વિવાદ વધતો જ રહેશે. જ્યારે કોઈ સંકટ નથી હોતું ત્યારે કાશ્મીર મુદ્દો ક્યારેય ઉછળતો નથી. પરંતુ આ વિવાદને ઉકેલવો હવે આવશ્યક બન્યો છે.જનરલે આગળ કહ્યું કે, સેના સંઘર્ષ બાદ યુદ્ધની સરહદો પર જોખમ ઘટ્યું છે. પરંતુ બંને દેશો માટે વિવાદિત ક્ષેત્રોમાં જ નહીં, પરંતુ સંપૂર્ણ ભારત અને પાકિસ્તાનમાં જોખમ વધ્યું છે. પશ્ચિમી દેશો દ્વારા ભારતને નેટ સિક્યુરિટી પ્રોવાઈડર તરીકે મજબૂત બનાવવો તેમજ પ્રાદેશિક આધિપત્ય બનવાની તેની મહત્વાકાંક્ષા તેને આ તંગદિલીને દૂર કરવાના વિકલ્પો અપનાવવા નિરૂત્સાહી કરી રહી છે.

### હાલ દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસોની સંખ્યા ૩૭૮૩

# દેશમાં કોરોનાનો વધી રહેલો ખતરો, છેલ્લા ૪૮ કલાકમાં ૨૧ દર્દીઓનાં મોત

**કેરળ પછી મહારાષ્ટ્રમાં સૌથી વધુ વધુ સક્રિય કેસોની સંખ્યા ૪૮૫ હતી, જેમાં ૧લી જૂને ૧૮ નવા કેસો નોંધાયા છે**

નવી દિલ્હી, તા. ૨

ભારતમાં કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યા છે. છેલ્લા આંકડા પ્રમાણે વર્તમાન સમયમાં કોવિડ-૧૯ના સક્રિય કેસોની સંખ્યા ૩૦૦૦થી ઉપર પહોંચી ગઈ છે. કેરળમાં કોરોનાના સૌથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા પરથી જાણવા મળે છે કે ૨૫મી મે પછીથી દેશમાં કોવિડ-૧૯ના આંકડાઓમાં ૧૦ ઘણો વધારો થયો છે.કેરળ ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટક અને દિલ્હી કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત છે. છેલ્લા ૯ દિવસોમાં દેશમાં કોરોનાના કેસમાં ૧૩૦૦ ટકાનો વધારો થયો છે. જ્યારે દેશમાં છેલ્લા ૪૮ કલાકમાં ૨૧નાં મોત થયા છે. હાલ દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસોની સંખ્યા ૩૭૮૩ છે. જ્યારે ચોંકાવનારી વાત એ છે કે બેંગલુરુમાં વેક્સીનના ત્રણ ડોઝ લઈ ચુકેલા દર્દીના પણ મોત થયા છે. કેરળમાં કોવિડ-૧૯ના સૌથી વધુ સક્રિય કેસો છે અને અહીંયા લગભગ ૧૪૦૦ દર્દીઓ છે. રવિવારે કેરળમાં વધુ ૬૪ કેસો નોંધાયા છે.કેરળ પછી મહારાષ્ટ્રમાં સૌથી વધુ વધુ સક્રિય કેસોની સંખ્યા ૪૮૫ હતી, જેમાં ૧લી જૂને ૧૮ નવા કેસો નોંધાયા છે. જ્યારે દિલ્હીમાં રવિવારે સવારે આઠ વાગ્યા સુધીમાં સક્રિય કેસોની સંખ્યા ૪૩૬ હતી, જેમાં ૬૨ નવા કેસો રવિવારે નોંધાયા છે.કોરોનાના કેસોમાં ચિંતાજનક વધારો હોવા છતાં સરકાર કહે છે કે ચિંતાની કોઈ જરૂર નથી. કોવિડ-૧૯ની સ્થિતિ પર ચુસ્ત દેખરેખ રાખવામાં આવી રહી છે. ચેપનું પ્રમાણ ઓછું છે અને મોટાભાગના દર્દીઓની સારવાર પોતાના ઘરમાં જ ચાલી રહી છે. સામાન્ય નાગરિકોને વિનંતી છે કે તેમણે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આઈસીએમઆરના ડાયરેક્ટર જનરલ ડો.રાજીવ બહલે જણાવ્યું કે પશ્ચિમ અને દક્ષિણમાં સેમ્પલોના જીનોમ સીક્સવેંસિંગથી ખબર પડે છે કે મામલાઓમાં વર્તમાન વૃદ્ધિને વધારનાર વેરિયન્ટ ગંભીર નથી અને એ ઓમીક્રોનના સબવેરિયન્ટ છે.

### શ્રેયસ અય્યરની તોફાની બેટિંગે અપાવી જીત

# મુંબઇ ઈન્ડિયન્સને હરાવીને પંજાબ કિંગ્સ ફાઇનલમાં પહોંચી

**આઇપીએલઃ ક્વોલિફાયર-૨માં મુંબઈ ઇન્ડિયન્સનો પાંચ વિકેટથી પરાજય, શ્રૈયસ ઐયરના અણનમ ૮૭ રન**

અમદાવાદ, તા. ૨

પંજાબના કેપ્ટન શ્રૈયસ ઐયરે તનાવભરી સ્થિતિમાં અડીખમ બેટિંગ કરીને રવિવારે અહીં રમાયેલી ક્વોલિફાયર-૨ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વિકેટથી હરાવીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૫ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. આમ મંગળવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી ફાઇનલમાં તેનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે થશે. શ્રેયસ ઐયરે ૪૧ બોલમાં અણનમ ૮૭ રન ફટકાર્યા હતા જેમાં પાંચ ચોગ્ગા તથા આઠ સિક્સરનો સમાવેશ થતો હતો. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી એલિમિનેટર મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે પ્રથમ બેટિંગ કરીને તેની ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૩ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં પંજાબ કિંગ્સે ૧૯ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૭ રન કર્યા હતા.મેચ જીતવા માટે ૨૦૪ રનના ટારગેટ સામે રમતાં પંજાબે શરૂઆતમાં જ વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર પ્રભસિમરન સિંઘ છ રનના અંગત સ્કોરે ટ્રેન્ટ બોલ્ટના બોલે આઉટ થયો હતો. રિસે ટોપલેએ ફાઈન લેગ પર શાનદાર કેચ ઝડપ્યો હતો.જોશ ઈંગ્લિસ ૨૧ બોલમાં આક્રમક ૩૮ રન ફટકારીને આઉટ થયા બાદ કેપ્ટન શ્રેયસ ઐયર અને ડાબેરી બેટ્સમેન નેહલ વઢેરાએ મજબૂત ભાગીદારી નોંધાવીને મુંબઈની ચિંતામાં વધારો કર્યો હતો. બંનેએ આઠ ઓવરમાં ૮૪ રનની ભાગીદારી કરી દીધી હતી. અંતે ૧૬મી ઓવરમાં અશ્વિની કુમારે ટીમને સફળતા અપાવતાં નેહલને આઉટ કર્યો હતો. તેણે ૨૯ બોલમાં ૪૮ રન ફટકાર્યા હતા જેમાં બે સિક્સર અને ચાર ચોગ્ગાનો સમાવેશ થતો હતો. નેહલની વિકેટ બાદની ઓવરમાં ઐયરે તેની અડધી સદી ૨૭બોલમાં પૂરી કરી હતી. લગભગ સવા બે કલાકના વિલંબ બાદ રાત્રે ૯.૪૫ કલાકે મેચનો પ્રારંભ થયો હતો. અગાઉ પંજાબ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ ટોસ બાદ તરત જ વરસાદનું આગમન થઈ ગયું હતું. ત્યાર બાદ વારંવાર વરસાદ પડતો રહ્યો હતો જેને કારણે ગ્રાઉન્ડ સ્ટાફની મહેનત વધી ગઈ હતી. આમ છતાં હવામાન સ્વચ્છ થયા બાદ મેદાન રમત માટે સજ્જ થઈ ગયું હતું. મુંબઈ ઈન્ડિયન્સ માટે જોની બેરસ્ટોએ ઝડપી શરૂઆત કરી હતી. રોહિત શર્મા તો ત્રીજી ઓવરમાં જ આઉટ થઈ ગયો હતો પરંતુ બેરસ્ટો અને તિલક વર્માએ બેટિંગ કરી હતી. મુંબઈની ટીમની સમસ્યા એ રહી હતી કે તો કોઈ બેટ્સમેન સેટ થયા બાદ ટકી શક્યો ન હતો. બેરસ્ટોએ ૨૪ બોલમાં બે સિક્સર સાથે ૩૮ રન ફટકાર્યા હતા અને તેની પાસેથી અડધી સદી બાદ પણ લાંબી ઈનિંગ્સની અપેક્ષા રખાતી હતી ત્યારે તે વિજયકુમાર વ્યાશકની બોલિંગમાં આઉટ થયો હતો. અગાઉ રોહિત શર્માને ઓસ્ટ્રેલિયન બોલર માર્કસ સ્ટોઈનિસે આઉટ કર્યો હતો પરંતુ પંજાબના કેપ્ટન ટીમને પહેલી વિકેટ અપાવનારા બોલરને ત્યાર પછી એકેય ઓવર આપી ન હતી.બેરસ્ટોની માફક સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા પણ લાંબી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળ રહ્યા હતા. બંનેએ ૪૪-૪૪ રન ફટકાર્યા હતા.તિલક વર્માએ બે સિક્સર અને બે ચોગ્ગા સાથે ૨૯ બોલમાં ૪૪ રન ફટકાર્યા હતા તો યાદવે ૨૬ બોલમાં ૪૪ રન કર્યા હતા જેમાં ત્રણ સિક્સર અને ચાર ચોગ્ગા સામેલ હતા.

### હસીના સામે માનવતા વિરુદ્ધ ગુનાઓ માટે ટ્રાયલ શરૂ થઈ

# શેખ હસીનાએ હત્યાનો આદેશ આપ્યો હતો : પૂર્વ PM પર આરોપ

**બાંગ્લાદેશના ઇતિહાસમાં પહેલીવાર ટ્રિબ્યુનલની કાર્યવાહીનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું**

ઢાકા, તા. ૨

બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ (ICT) ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના અને અન્ય બે લોકો પર ગયા વર્ષે વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો પર હિંસક કાર્યવાહીમાં તેમની કથિત ભૂમિકા બદલ સામૂહિક હત્યા સહિત અનેક આરોપો હેઠળ અભિયોગ લગાવ્યો છે. સરકારને હટાવ્યાના લગભગ 10 મહિના પછી રવિવારની કાર્યવાહીમાં હસીના સામે માનવતા વિરુદ્ધ ગુનાઓ માટે ટ્રાયલ શરૂ થઈ હતી.ફરિયાદ પક્ષ દ્વારા ઔપચારિક રીતે આરોપો દાખલ કર્યા પછી ન્યાયાધીશ ગોલામ મોર્તુઝા મજુમદારની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની ICT બેન્ચે કહ્યું, 'અમે આરોપોની નોંધ લઈએ છીએ.' આરોપનામાની કાર્યવાહી દરમિયાન 145 પાનાના અંશો સાંભળ્યા પછી ટ્રિબ્યુનલે હસીના અને તત્કાલીન ગૃહમંત્રી અસદુઝમાન ખાન કમાલ વિરુદ્ધ એક સાથે નવું ધરપકડ વોરંટ જારી કર્યું હતું.ત્રીજા આરોપી, તત્કાલીન પોલીસ મહાનિરીક્ષક ચૌધરી અબ્દુલ્લા અલ-મામુનને રૂબરૂ ટ્રાયલનો સામનો કરવા માટે કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. બાંગ્લાદેશના ઈતિહાસમાં પહેલીવાર ટ્રિબ્યુનલની કાર્યવાહીનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. મુખ્ય ફરિયાદી તાજુલ ઈસ્લામે ટ્રિબ્યુનલમાં આ આરોપો દાખલ કર્યા છે.

### જન કલ્યાણના કાર્યક્રમોની સમીક્ષા કરશે

# ચોથી જૂને મોદીની અધ્યક્ષતામાં યોજાશે મંત્રી પરિષદની બેઠક

**વડાપ્રધાન પોતાના ત્રીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થાય તે પહેલાં મહત્ત્વપૂર્ણ બેઠક યોજી વિવિધ મુદ્દા પર ચર્ચા કરશે**

નવી દિલ્હી, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પોતાના ત્રીજા કાર્યકાળના એક વર્ષ પૂર્ણ થાય તે પહેલાં યુનિયન કાઉન્સિલ ઓફ મિનિસ્ટર્સની એક મહત્ત્વની બેઠક ૪ જૂનના આયોજિત થશે. આ બેઠક સાંજે ૪.૩૦ વાગ્યે સુષ્મા સ્વરાજ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ યોજાશે. વડાપ્રધાન પોતાના ત્રીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થાય તે પહેલાં જ તમામ કેન્દ્રીય મંત્રીઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજી વિવિધ મુદ્દા પર ચર્ચા કરશે. સુત્રો અનુસાર, આ બેઠકમાં કેન્દ્ર સરકાર છેલ્લા ૧૧ વર્ષની ઉપલબ્ધિઓ, યોજનાઓ અને જન કલ્યાણના કાર્યક્રમોની સમીક્ષા કરશે. તેની સાથે આગામી દિવસોમાં જનતા વચ્ચે જઈ સરકારની નીતિઓ અને કાર્યોને અસરકારક રીતે રજૂ કરવાની યોજના પર પણ વિચારણા કરશે.બેઠકમાં હાલમાં જ હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર મુદ્દે પણ વિશેષ ચર્ચાઓ થવાની સંભાવના છે. વડાપ્રધાન મોદી સેનાના આ અભિયાનને સરકારની નિર્ણાયક નેતૃત્વ ક્ષમતા અને રાષ્ટ્રીય સુરક્ષામાં સશક્ત યોગદાન રૂપે પ્રજા સમક્ષ રજૂ કરવા પર ભાર મૂકશે. તમામ મંત્રીઓને નિર્દેશ આપી શકે છે કે, તે ઓપરેશન સિંદૂરની સફળતા અને તેના પ્રયાસોને સામાન્ય જનતા સુધી પહોંચાડે. જેથી દેશભરમાં તેના પ્રત્યે જાગૃત્તિ આવે અને ગર્વની લાગણીમાં વધારો થાય.બેઠકમાં છેલ્લા ૧૧ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવેલી પ્રમુખ યોજનાઓ જેમ કે, ઉજ્જ્વલા, આયુષ્માન ભારત, પીએમ આવાસ યોજના, જલ જીવન મિશન, ડિજિટલ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, સ્વચ્છ ભારત અભિયાન વગેરેનો વિસ્તૃત રિપોર્ટ, જનસમર્થન, અને લાભાર્થીઓ સાથે સંવાદના કાર્યક્રમોને વેગ આપવા પર ભાર મૂકવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરકાર હવે જનભાગીદારીથી જનસંપર્કની રણનીતિ હેઠળ એક વિશેષ સંપર્ક અભિયાન શરૂ કરવાની યોજના બનાવી રહી છે. જેમાં કેન્દ્રીય મંત્રી, સાંસદ અને ભાજપના કાર્યકારો ઘરે-ઘરે જઈ લોકોને કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ વિશે માહિતી આપશે.નિષ્ણાતો અનુસાર, આ બેઠક માત્ર સરકારી પ્રદર્શનના મૂલ્યાંકન માટે જ નહીં, પરંતુ આગામી ચૂંટણીની તૈયારીઓના દ્રષ્ટિકોણથી પણ અત્યંત મહત્ત્વની છે. ૨૦૨૫ના અંતમાં અનેક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. એવામાં આ બેઠક સરકારની જનસંપર્ક નીતિ અને રાજકીય સંદેશ નિર્ધારિત કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે છે.

### બે પુલ તૂટી પડતાં બે ટ્રેનો પાટા પરથી ઉતરી ગઈ હતી, અનેક લોકો ઘાયલ

# રશિયામાં પ્રચંડ વિસ્ફોટમાં બે પુલ ધરાશાયી, સાત લોકોનાં મોત

**સરકારી એજન્સીઓએ અકસ્માત પછી ઘણી તસવીરો શેર કરી છે, આ તસવીરોમાં જોઈ શકાય છે કે ટ્રેનના ઘણા ડબ્બા ક્ષતિગ્રસ્ત થયા છે**

મોસ્કો, તા. ૨

પશ્ચિમ રશિયામાં વિસ્ફોટોને કારણે બે પુલ તૂટી પડતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. બે ટ્રેન પાટા પરથી ઉતરી જતાં સાત લોકોના મોત તેમજ ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત યુક્રેનિયન સરહદને અડીને આવેલા વિસ્તારમાં થયો હતો. રશિયન તપાસ સમિતિએ જણાવ્યું હતું કે વિસ્ફોટોને કારણે બંને પુલ તૂટી પડ્યા હતા, પરંતુ વિસ્ફોટની વિગતો આપી નથી. યુક્રેનિયન સરહદ પર બ્રાયન્સ્ક પ્રદેશમાં એક પેસેન્જર ટ્રેન પર પહેલો પુલ તૂટી પડ્યો હતો, જેના કારણે જાનહાનિ થઈ હતી. થોડા કલાકો પછી કુર્સ્ક પ્રદેશમાં એક પુલ તૂટી પડતાં બીજી ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. સ્થાનિક કાર્યકારી ગવર્નર એલેક્ઝાન્ડર ખિન્શ્ટેઈને જણાવ્યું હતું કે માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી.અકસ્માત અંગે, બ્રાયન્સ્કના ગવર્નર એલેક્ઝાન્ડર બોગોમાઝે જણાવ્યું હતું કે રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. પીડિતોને શક્ય તેટલી મદદ પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે દેશની કટોકટી સેવાઓના કર્મચારીઓ ઘટનાસ્થળે હાજર છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા છે.સરકારી એજન્સીઓએ અકસ્માત પછી ઘણી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં જોઈ શકાય છે કે ટ્રેનના ઘણા ડબ્બા ક્ષતિગ્રસ્ત થયા છે. પુલનો કાટમાળ ટ્રેનના કોચ પર પડ્યો છે. બીજા એક વીડિયોમાં જોઈ શકાય છે કે, કેટલાક વાહનો પુલ નીચેથી પસાર થવાના હતા, પરંતુ વાહન ચલાવવાનું ટાળતા ઘણા લોકો બચી ગયા હતા. વિસ્ફોટમાં રશિયાના કબજા હેઠળના ઝાપોરિઝ્ઝિયા પ્રદેશ અને ક્રિમિયા સાથે જોડાયેલો મોસ્કોનો મુખ્ય માર્ગ નાશ પામ્યો છે.

### બીએલએફે પણ હુમલો કર્યો

# પાક.માં બલુચ બળવાખોરોએ કરાચી નેશનલ હાઇવે પર કબ્જો કર્યો

**પોલીસ સ્ટેશનમાં આગચંપી : હથિયારો લૂંટ્યા પાકિસ્તાનની સેનાની પકડ નબળી પડવા માંડી**

ઈસ્લામાબાદ, તા. ૨

પાકિસ્તાનમાં બલુચિસ્તાનના બળવાખોર સંગઠન બલુચ લિબરેશન આર્મી (બીએલએ)એ મોટી કાર્યવાહીને અંજામ આપ્યો છે. આ સશસ્ત્ર જૂથે ક્વેટા-કરાંચી હાઈવેને જામ કરીને મુખ્ય નેશનલ હાઈવે પર કબજો કરી લીધો છે. 'ધ બલુચિસ્તાન પોસ્ટ'ના રિપોર્ટ મુજબ, હથિયારધારી લડવૈયાઓએ લેવી પોલીસ સ્ટેશ પર હુમલો કર્યો અને બિલ્ડિંગ પર કબજો કરી લીધો છે. હુમલાખોરોએ પોલીસ અધિકારીઓને બંધક બનાવી લીધા અને બિલ્ડિંગમાં આગ લગાડી દીધી છે. પોલીસ સ્ટેશનમાં પોલીસની ગાડીઓને પણ આગ લગાડી દીધી અને હથિયારો લૂંટી લીધા છે. આ પહેલા બીએલએના લડવૈયાઓએ સોરાબમાં મોટો હુમલો કરીને શહેર પર કબજો કરી લીધો છે. બીએલએના પ્રવક્તા જીયાંદ બલુચે જણાવ્યું કે તેમના કમાન્ડરોએ સોરાબ શહેર પર સંપૂર્ણ કંટ્રોલ કરી લીધો છે. પોલીસ સ્ટેશન, ડીસી ઓફિસ, ગેસ્ટ હાઉસ અને બેંકો પર કબજો કર્યો છે અને વ્યવસ્થા સંપૂર્ણપણે પાંગળી બનાવી દીધી છે. બલુચિસ્તાનમાં સતત થઈ રહેલા ઓપરેશનોથી સ્પષ્ટ છે કે બલુચ વિદ્રોહી સતત મજબૂત થઈ રહ્યા છે અને પાકિસ્તાનની સેનાની પકડ નબળી પડી રહી છે.બલુચિસ્તાનના બીજા સશસ્ત્ર જૂથ બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટે (બીએલએફ) ખુજદાર નાલમાં પાકિસ્તાનના સશસ્ત્ર દળો પર હુમલાની જવાબદારી લીધી છે. બીએલએફના પ્રવક્તા મેજર ગૌરમ બલુચે એક નિવેદનમાં કહ્યું કે શનિવારે ૩૧મી મેએ સવારે લગભગ ૧૧ કલાકે બલુચ બળવાખોરોએ ખુજદાર નાલમાં પેડીચ હોટલની પાસે રાજ્યના શાંતિદળોના બે અધિકારીઓ પર હુમલો કર્યો, જેમાં બે લોકોના મોત થયા હતા. બીએલએફના પ્રવક્તાએ રાજ્ય માટે ઉપયોગ થનાર તમામ સમૂહોને ચેતવણી આપી છે કે તેમને ટાર્ગેટ બનાવવામાં આવી શકે છે. આ સાથે જ તેમણે જણાવ્યું કે બલુચ બળવાખોરોએ ખારન શહેર પર પણ હુમલો કર્યો છે. શનિવારે જ ડેરા મુરાદ જમાલી અને સુઈમાં ગેસ પાઈપલાઈન પર હુમલો કર્યો હતો. જોકે, હુમલો થયો એ સમયે પાઈપલાઈનમાં ગેસનો સપ્લાય ન હતો. ગેસ પાઈપલાઈન પર હુમલો કરવાની જવાબદારી કોઈ સંગઠને લીધી નથી. આ વિસ્તારમાં પહેલા પણ ગેસ પાઈપલાઈનોને ટાર્ગેટ બનાવવામાં આવી ચુકી છે, જેની જવાબદારી વિવિધ સંગઠનોએ લીધે છે.

### રજિત ગુપ્તાએ ૩૬૦માંથી ૩૩૨ ગુણ મેળવ્યા છે

# JEE એડવાન્સ્ડ ૨૦૨૫નું પરિણામ સત્તાવાર રીતે જાહેર

**આ વખતે IIT દિલ્હી ઝોનના રજિત ગુપ્તાએ ટોપ કર્યું છે**

નવી દિલ્હી, તા. ૨

એન્જિનિયરિંગની દુનિયામાં કારકિર્દી બનાવવાનું સ્વપ્ન જોતા લાખો વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર છે. JEE એડવાન્સ્ડ ૨૦૨૫નું પરિણામ આજે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ હવે jeeadv.ac.in વેબસાઈટ પર જઈને પોતાનો સ્કોરકાર્ડ ચકાસી શકે છે. આ સાથે અંતિમ આન્સર કી પણ વેબસાઇટ પર અપલોડ કરવામાં આવી છે.આ વર્ષે ૧ લાખ ૯૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ JEE એડવાન્સ્ડ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. પરીક્ષા બે પેપર - પેપર-૧ અને પેપર-૨ માં લેવામાં આવી હતી, જે બંને ૧૮૦-૧૮૦ ગુણના હતા, એટલે કે કુલ પરીક્ષા ૩૬૦ ગુણની હતી. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) કાનપુરે ૨ જૂન, ૨૦૨૫, સોમવારના રોજ JEE એડવાન્સ્ડ ૨૦૨૫નું પરિણામ જાહેર કર્યું છે. આ વખતે IIT દિલ્હી ઝોનના રજિત ગુપ્તાએ ટોપ કર્યું છે. તેણે ૩૬૦માંથી ૩૩૨ ગુણ મેળવ્યા છે. પરીક્ષામાં બેઠેલા તમામ ઉમેદવારો પોતાનું પરિણામ જોવા માટે સત્તાવાર વેબસાઈટ jeeadv.ac.in ની મુલાકાત લઈ શકે છે. અરજી નંબર અને જન્મ તારીખ ત્યાં લોગિન કરવાની રહેશે.

પરિણામની સાથે વેબસાઈટ પર અંતિમ જવાબ કી પણ પ્રકાશિત કરવામાં આવી છે, જેને વિદ્યાર્થીઓ ડાઉનલોડ કરી શકે છે. JEE એડવાન્સ્ડ ૨૦૨૫ની પરીક્ષા ૧૮ મેના રોજ બે શિફ્ટમાં લેવામાં આવી હતી, જેમાં પેપર-૧ અને પેપર-૨નો સમાવેશ થતો હતો. વિદ્યાર્થીઓની રિસ્પોન્સ શીટ ૨૨ મેના રોજ બહાર પાડવામાં આવી હતી અને પ્રોવિઝનલ આન્સર કી ૨૫ મેના રોજ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ વખતે પરીક્ષા ખૂબ પડકારજનક હતી. નિષ્ણાતો અને વિદ્યાર્થીઓના મતે ગણિતનું પેપર સૌથી મુશ્કેલ હતું, જ્યારે ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર પણ મુશ્કેલીના સમાન સ્તર પર હતા. JEE એડવાન્સ્ડમાં કુલ ગુણ ગણિત, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રમાં મેળવેલા ગુણના સરવાળાના આધારે નક્કી કરવામાં આવે છે. રેંક યાદીમાં સામેલ થવા માટે ઉમેદવારોએ દરેક વિષયમાં ઓછામાં ઓછા લાયકાત ગુણ અને ઓછામાં ઓછા કુલ ગુણ મેળવવા જરૂરી છે. સફળ વિદ્યાર્થીઓ હવે JoSAA કાઉન્સેલિંગ દ્વારા તેમની પસંદગીની IIT સંસ્થામાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી શકે છે.આ પરીક્ષામાં મહત્તમ કુલ ગુણ ૩૬૦ છે, જેમાં પેપર-૧ અને પેપર-૨ બંનેમાં ૧૮૦-૧૮૦ ગુણ છે. દરેક વિષય - ગણિત, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર - મહત્તમ ૧૨૦ ગુણ ધરાવે છે, જેને પેપર-૧ અને પેપર-૨ માં ૬૦-૬૦ ગુણમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

### ૮-૮ લાખના ઈનામી પણ શરણે

# છત્તીસગઢઃ સુકમામાં વધુ ૧૬ નક્સલીઓનું આત્મસમર્પણ

**નક્સલમુક્ત જાહેર થયેલ કેરલાપેંદા ગ્રામ પંચાયતને વિકાસ પ્રોજેક્ટ માટે એક કરોડ રૂપિયા આપવામાં આવશે**

સુકમા, તા. ૨

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે (૨ જૂન) વધુ ૧૬ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ તમામ નક્સલીઓ પર ૧૬ લાખનું ઈનામ હતું. પોલીસ અધિકારીઓએ કહ્યું કે, આ ૧૬ પૈકી નવ નક્સલી કેરલાપેંદા ગ્રામ પંચાયતના રહેવાસી છે. તેમના આત્મસમર્પણ બાદ આ ગ્રામ પંચાયત નક્સલમુક્ત જાહેર કરવામાં આવી છે. રાજ્ય સરકારની નવી યોજના મુજબ નક્સલમુક્ત જાહેર થયેલ કેરલાપેંદા ગ્રામ પંચાયતને વિકાસ પ્રોજેક્ટ માટે એક કરોડ રૂપિયા આપવામાં આવશે. સુકમા જિલ્લાના પોલીસ અધિક્ષક ચવ્હાણે કહ્યું કે, એક મહિલા સહિત ૧૬ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. તેઓએ અમાનવીય વિચારધારાથી પ્રેરાઈ તેમજ સ્થાનિક આદિસીઓ પર નક્સલીઓના અત્યાચારથી પરેશાન થઈને પોલીસના વરિષ્ઠ અધિકારીઓ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. અધિકારીઓએ કહ્યું કે, નક્સલીઓ રાજ્ય સરકારની 'નિયદ નેલ્લાર' યોજના એટલે કે 'તમારું સારુ ગામ' યોજનાથી પ્રભાવિત થયા છે. આ યોજનાનો ઉદ્દેશ્ય દૂરના ગામડાંનો વિકાસ કરવાનો છે. અધિકારીએ કહ્યું કે, આત્મસમર્પણ કરનારામાં નક્સલવાદીઓની કેન્દ્રીય ક્ષેત્રીય સમિતિની બીજા નંબરની ૩૬ વર્ષીય સભ્ય રીતા ઉર્ફે ડોડી સુક્કીએ તેમજ નક્સલવાદીઓની પીએલજીએ બટાલિયનની ૧૮ વર્ષિય એક સભ્ય રાહુલ પુનમે પણ આત્મસમર્પણ કર્યું છે. આ બંને પર ૮-૮ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરાયું હતું.

પોલીસે કહ્યું કે, '૨૮ વર્ષીય લેખમ લખમા, જેના પર ત્રણ લાખનું ઈનામ, અન્ય ત્રણ નક્સલવાદીઓ, જેમના પર બે-બે લાખનું ઈનામ હતું. તેઓએ પણ આત્મસમર્પણ કર્યું છે. આત્મસમર્પણ કરનારા તમામ નક્સલીઓને ૫૦-૫૦ રૂપિયાની સહાયતા આપવામાં આવી છે, તેમજ સરકારની નીતિ મુજબ તેમનું પુનર્વસન કરવામાં આવશે. ગત વર્ષે બસ્તરમાં ૭૯૨ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું હતું. બસ્તરમાં સુકમા સહિત સાત જિલ્લાઓ સામેલ છે.

# ટ્રમ્પ મસ્કના ખાસ ઈસાકમેનને નાસાના પ્રમુખપદેથી હાંકી કાઢશે

**ઈસાકમને ૨૦૨૧માં એલન મસ્કની સ્પેસએક્સ કંપનીની સૌપ્રથમ ચાર્ટર્ડ ફ્લાઈટમાં અવકાશની યાત્રા કરી હતી**

વૉશિંગ્ટન, તા. ૨

-યુએસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેક અબજોપતિ એલન મસ્કના નિકટના એવા જેરેડ ઈસાકમેનનું નાસાના પ્રમુખ તરીકેનું નામાંકન પરત ખેંચી લેશે. સૂત્રોના મતે આ બાબતે વ્હાઈટ હાઉસ તથા નાસા દ્વારા કોઈ નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. ટ્રમ્પે ગત ડિસેમ્બરમાં ઈસાકમેનને નાસાના પ્રમુખ બનાવવાની જાહેરાત કરી હતી.ડોનાલ્ડ ટ્રમ્પે તેના સોશિયલ મીડિયા સાઈટ પર લખ્યું હતું કે, ગહન સમીક્ષા કર્યા બાદ, હું નાસાના પ્રમુખ તરીકે જેરેડ ઈસાકમેનનું નામાંકન પરત ખેંચું છું. ટૂંક સમયમાં હું નવા વ્યક્તિનું નામ આ પદ માટે જાહેર કરીશ જે મિશન સાથે જોડાયેલો હોય તથા અવકાશ ક્ષેત્રમાં અમેરિકાને પ્રાથમિકતા આપશે. ઈસાકમને ૨૦૨૧માં એલન મસ્કની સ્પેસએક્સ કંપનીની સૌપ્રથમ ચાર્ટર્ડ ફ્લાઈટમાં અવકાશની યાત્રા કરી હતી અને ત્યારથી બંને વચ્ચે સારી મિત્રતા રહી છે. મસ્કે તાજેતરમાં ટ્રમ્પ સરકારમાં દક્ષતા વિભાગના વડાનું પદ છોડ્યું હતું અને તેની પ્રતિક્રિયાના ભાગરૂપે ઈસાકમેનનું નામાંકન પરત ખેંચવામાં આવ્યું હોવાની ચર્ચા છે.જેરેડ ક્રેડિટ કાર્ડ પ્રોસેસિંગ કંપની શિફ્ટ૪ના સીઈઓ અને સ્થાપક છે અને તે આશરે ૧.૯ અબજ ડોલરની સંપત્તિના માલિક છે. અમેરિકન સેનેટ કોમર્સ, સાયન્સ એન્ડ ટ્રાન્સપોર્ટેશન કમિટીએ ઈસાકમેનના નામાંકનને એપ્રિલમાં મંજૂરી આપી હતી અને તે ટૂંકમાં સેનેટ સમક્ષ હાજર પણ થવાના હતા.

# સાવરકુંડલા ખાતે ''ચિયર્સ જીંદગી'' શો સાથે એમ્બ્યુલન્સ અને મેડિકલ સાધનોનું લોકાર્પણ કરાયુ






સાવરકુંડલામાં શામજીબાપુ ઉપવન ખાતે રાત્રીના સદ્‌ભાવના ગ્રુપ દ્વારા આયોજિત 'ચિયર્સ જિંદગી' શો, એમ્બ્યુલન્સ અને મેડિકલ સાધનોના લોકાર્પણનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. પૂજય ઉષામૈયા અને પૂજય ભકિતરામબાપુ સહિતના સંતો-મહંતોએ વિશેષ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે એ.એસ.પી. વલયવૈદ્ય અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી સદ્‌ભાવના ગ્રુપના આમંત્રણને માન આપી ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિડિયો કોન્ફરન્સ દ્વારા સદ્‌ભાવના ગ્રુપને અભિનંદન પાઠવી તેમના સેવાકીય કાર્યોને બિરદાવ્યા હતા. પૂજય ઉષામૈયાના આશીર્વાદથી છેલ્લા ૨૪ વર્ષથી સદ્‌ભાવના ગ્રુપ સાવરકુંડલામાં સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન અનેક દાતાઓએ ઉમદા યોગદાન આપ્યું હતું એમ્બ્યુલન્સ (ઈક્કો મિની આઈ.સી.યુ) અર્પણ કરનાર દાતાઓ લુહાર સંત મુળદાસ બાપા ગોકુલ જવેલર્સ પરિવાર (ચંદ્રકાંતભાઈ ભાઈચંદભાઈ કાત્રોડીયા) શેઠ મહાસુખરાય ત્રિભુવનદાસ કામદાર પરિવાર કંચનબેન કપૂરદાસભાઈ પારેખ (હ. સ્મિતાબેન લલીતભાઈ કપૂરચંદ પારેખ, સાવરકુંડલાવાળા) તેમજ મેડિકલ સાધનો અર્પણ કરનાર દાતા ગોપાલ કૃષ્ણ ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ (સાવરકુંડલા) 'ચિયર્સ જિંદગી' કાર્યક્રમમાં દાનવીરોનો સહયોગ મળ્યો હતો અને સાવરકુંડલાના લોકોએ હંમેશની જેમ આ શોમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને ભરપૂર માણ્યો હતો. સદ્‌ભાવના ગ્રુપ દ્વારા એમ્બ્યુલન્સ સેવા, રકતદાન સેવા જેવી અનેક સેવાઓ પ્રદાન કરવામાં આવી રહી છે. આ સેવાકીય પ્રવૃત્તિઓમાં દાતાઓ અને ધર્મપ્રેમી જનતાનો પણ બહોળા પ્રમાણમાં સાથ-સહકાર પ્રાપ્ત થવા બદલ સદ્‌ભાવના ગ્રુપ દ્વારા તમામનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવેલ.

### જુદા-જુદા ગામનાં સરપંચો દ્વારા

## રાજુલા : ભંડારીયા હનુમાનદાદાનાં સાંનિધ્યમાં ધારાસભ્યનો સન્માન કાર્યક્રમ યોજાયો

### અમરેલીનાં સાંસદ સુતરિયા પણ ઉપસ્થિત રહ્યા




રાજુલા, તા. ૨

રાજુલાનાં ૧૭ ગામોમાં સરકારની જુદી-જુદી યોજનાઓ મંજુર કરવા બદલ ગામોનાં સરપંચો દ્વારા ધારાસભ્ય, હીરાભાઈ સોલંકીનો સન્માન કાર્યક્રમ ભંડારીયાનાં હનુમાન મંદિર ખાતે યોજાયો હતો. જેમાં સાસંદ સુતરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ૧૭ ગામનાં સરપંચો, સ્થાનિક ભાજપનાં આગેવાનો વિવિધ હોદેદારો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જાફરાબાદમાં તુર્કી સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત ઈનામો આપી સન્માનિત કરાયા





જાફરાબાદ,તા.૨, જાફરાબાદ તુર્કી સમાજ દ્વારા ૧૦, ૧૨, ડિપ્લોમાં કરેલા વિદ્યાર્થીઓ નું ભવ્ય થી ભાવ્ય સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બહાર ગામ થી પધારેલા મહેમાનો નું જાફરાબાદ તુર્કી સમાજ દ્વારા ફુલહાર તેમજ પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ અને આગળ વધી સમાજ નું ગૌરવ વધારતા વિધાર્થીઓ નું પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે સ્કુલ ના પ્રિન્સિપાલ દ્વારા વિધાર્થીઓ ને શિક્ષણ ક્ષેત્રે કેવી રીતે આગળ વધવું તે વિશે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતા સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાજમાં શિક્ષણ સાથે પ્રગતિ કરનાર વિદ્યાર્થીઓને તુર્કી સમાજના પ્રમુખ આગેવાનો તેમજ દાંતા ઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઉપસ્થિત રહેલા તમાંમ વિધાર્થીઓનું સન્માન સમારોહ માં નગરપાલિકાના સદસ્ય પત્રકારો મોટી સંખ્યામાં સમાજના બહેનો ભાઈઓ હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરે આગળ વધે અને તુર્કી સમાજનું ગૌરવ વધારેલા વિધાર્થીઓ ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને સમાજના દાતા દ્વારા દરેક વિદ્યાર્થીઓને રોકડ રકમ તેમજ ઈનામ આપી પ્રોત્સાહિત કરવા આવ્યા હતા. આ તકે વિધાર્થીઓ ના સન્માનિત સમારંભ ના કાર્યક્રમમાં ઉપસ્થિત રાજુલા સમસ્ત મુસ્લિમ સમાજના અગ્રણી આરિફભાઈ જોખિયા તેમજ રાજુલા ના ધારાશાસ્ત્રી રાજુભાઈ જોખિયા તેમજ અમરેલી થી પધારેલા જાવેદભાઈ પઠાણ તથા રાજુલા- જાફરાબાદ અમરેલી સાવરકુંડલા થી પધારેલા મહાનુભાવો દ્વારા સમાજના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી સમાજનું ગૌરવ વધારે તેવી અગ્રણીઓ દ્વારા તમામ વિદ્યાર્થીઓ ને પ્રમાણ પત્ર તેમજ ટ્રોફી આપી ગૌરવ સાથે પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા અને શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી સમાજને ઉપયોગી બને તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓ ના સન્માનિત કાર્યક્રમ રંગે ચંગે પૂર્ણ થયો હતો.

### નાગરિકોની સુવિધામાં થશે વધારો

## ગુડ ન્યુઝ : જાફરાબાદમાં રૂપિયા ૬ કરોડનાં ખર્ચે મામલતદાર કચેરી બનશે

### ધારાસભ્યના વરદ્‌હસ્તે ભૂમિ પૂજન કરાયું

જાફરાબાદ, તા.૨

જાફરાબાદ ખાતે નાગરિકોની સુખાકારીમાં વધારો કરતા સરકાર દ્વારા ૬ કરોડના ખર્ચે આધુનિક અને બે માળનું મામલતદાર કચેરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું ઘણા સમયથી જુની ખખડધજ હાલતમાં મામલતદાર કચેરી હોવાથી અને સાવ જર્જરિત હાલતમાં ઉભેલી હોય તેમજ આ મામલતદાર કચેરીનું વહીવટી કામગીરી અર્ધા કિલોમીટર દૂર સુધી નાગરિકો પગપાળા ચાલીને જવું પડતું હતું તેમજ સિનિયર સિટીઝન તથા મહિલાઓ તથા દિવ્યાગોને પડતી મોટી હાલાકીનો અંત આવશે. આધુનિક મામલતદાર કચેરીનું ખાતમુહૂર્ત રાજુલા જાફરાબાદ ખાંભાના ધારાસભ્યના વરદહસ્તે કરવામાં આવ્યું હતું તેમજ નાયબ કલેકટર ડો.મેહુલ બરાસરાની ખાસ ઉપસ્થિતમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું આ તકે ધારાસભ્ય દ્વારા તમામ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિત તમામ મહાનુભાવો અધિકારીગણ તથા પદાધિકારીઓનું પુષ્પગુચ્છથી વહીવટી તંત્રએ સન્માનિત કરવામાં આવ્યા હતા આ ખાતમૂહુર્તમાં ઉપસ્થિત ધારાસભ્ય દ્વારા જણાવ્યું હતું કે ઘણા વર્ષોથી આ મામલતદાર કચેરી સાવ ખખડધજ હાલતમાં હતી આ બાબતની સરકારમાં રજુઆત કરવામાં આવી હતી અને સરકાર દ્વારા રૂપિયા ૬ કરોડના ખર્ચે આધુનિક મામલતદાર કચેરીની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેઓએ જણાવ્યુ હતુ કે આ કચેરી બે માળની ઈમારત આધુનિક બનાવવાની હોય નાગરિકોની હાલાકીનો અંત આવ્યો છે. આ તકે નાયબ કલેકટર ડો.મેહુલ બરાસરા દ્વારા મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું તેઓએ પોતાના ટુંકા પ્રવચનમાં જણાવ્યું હતું કે જાફરાબાદ ઘણા સમયથી જર્જરિત મામલતદાર કચેરી હોવાથી સરકાર દ્વારા આધુનિક કચેરીના નવનિર્માણ માટે ૬ કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. નાગરિકોને આ આધુનિક કચેરીમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ રહેશે તેવું પોતાના વકવ્યમાં જણાવ્યું હતું આ ખખડધજ અને સાવ જર્જરિત મામલતદાર કચેરી માટે અવાર નવાર પત્રકાર દ્વારા નવી બનાવવા માટે અખબારમાં સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા આ ખાતમુહૂર્તમાં ધારાસભ્ય નાયબ કલેકટર ડો.મેહુલ બરાસરા મામલતદાર મુકેશ લકુમ તથા નાયબ મામલતદાર રાહુલ તથા પુરવઠા મામલતદાર મકવાણા તથા પી.ડબલ્યુ.ટી.ના ડેપ્યુટી એન્જિનિયર ગોહિલ સર્કલ ઈન્સ્પેકટર જીણાભાઈ વાઘ તથા ટીંબી માર્કેટ યાર્ડના પ્રમુખ અને યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શિયાળ તથા જીલ્લા પંચાયતના ચેરમેન કરશનભાઈ ભીલ તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી પધારેલા સરપંચઓ તથા નગરપાલિકા સદસ્યો તથા મામલતદાર કચેરીનો તમામ સ્ટાફ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી તથા બહોળી સંખ્યામાં નિમંત્રિત મહેમાનો તથા પત્રકારઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શાસ્ત્રી નીલકંઠ દાદાએ પુજારી વાણીમાં કર્યુ વર્ણન

## રાજુલા : સિધ્ધી વિનાયક મંદિરે શિવ મહાપુરાણમાં 'શિવ વિવાહ' પ્રસંગની ઉજવણી

### શિવભકતો મોટી સંખ્યામાં લાભ લઈ રહયા છે




રાજુલા, તા.૨

રાજુલા શહેરમાં ભેરાઈ રોડ પર આવેલ સીધી વિનાયક નવગ્રહ મંદિર ના સાનિપ્રયમાં શ્રીમદ શિવ મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જે કથા તારીખ ૨૮/૦૬/૨૦૨૫ ના રોજ શરૂ કરવામાં આવેલી અને આ કથા વિરામ તારીખ ૦૫/૦૬/૨૦૨૫ ના રોજ આ કથા વિરામ લેશે ત્યારે આ કથામાં વ્યાસપીઠ પર નીલકંઠ દાદા વડિયાએ પોતાની મધુર વાણી સાથે સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવેલ ત્યારે આજના પાંચમા દિવસે આ કથામાં શિવ વિવાહ નો પ્રસંગ ખૂબ જ સરસ રીતે રજૂ કરવામાં આવ્યો. જેમાં આ મંદિર ખાતે ધર્મપ્રિય જનતા આ કથાનું રસપાન કરવા ઉમટી પડેલ ત્યારે આ કથામાં ના આયોજનમાં વિવિધ મહિલા મંડળ ની બહેનો દ્વારા વિવિધ સેવાઓ પણ પૂરી પાડવામાં આવી રહી છે. જેમાં ખાસ કરીને શ્યામ સત્સંગ મહિલા મંડળની બહેનો દ્વારા આ કાર્યક્રમમાં પોતાની વિશિષ્ટ સેવા આપવામાં આવી રહી છે. આ કથામાંનું રસપાન કરવા આવતા તમામ લોકો ને કથા ના અંતમાં પ્રસાદનું પણ આપવામાં આવે છે. ત્યારે મંદિરના પૂજારી મહેશભાઈ ઠાકરે જણાવ્યું કે આ શ્રીમદ શિવ મહાપુરાણ કથામાં આવતી યથાશક્તિ ભેટ રકમ આ મંદિરના વિકાસમાં વાપરવામાં આવશે. ત્યારે રાજુલા શહેરની ધર્મપ્રિય જનતાને આ શિવ મહાપુરાણ કથાનો સત્સંગનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે. ત્યારે આ કથા ચાવડા સાઉન્ડ સિસ્ટમ દ્વારા ભાવિક ભક્તોને સુંદર રીતે આ કથા સંભળાય તે માટે સુંદર સાઉન્ડની વ્યવસ્થા કરવામાં આવેલ.

## જાફરાબાદ ગરાસીયા રાજપુત સમાજનાં અગ્રણી શકિતસિંહ જાડેજાનો જન્મ દિવસ



જાફરાબાદ, તા. ૨

સૌરાષ્ટ્ર ગુજરાતના રાજપુત સમાજના યુવ અગેવાન અને આશાપુરા એન્ટરપ્રાઈઝ રાજકોટ અને સેવા ને પોતાનો જીવન મંત્ર બનાવ્યો અને નાની દુનીયામાં મોટુ નમ એવા સેવા ભાવિક શકિતસિંહ જાડેજાનો જન્મ દિવસ છે. પોતાની પ્રભવી નેતૃત્વ શકિત દ્વારા જાફરાબાદ વિસ્તારના ભુતપુર્વ પ્રમુખ તરીકે આ વિસ્તારના યુવાઓ માટે ઘણા ઉપયોગી કાર્યો કર્યા છે જેને લીધે આ વિસ્તારના યુવાનો પર તેઓનો સારો એવો પ્રભાવ પણ છે તો કામધેનુ ગૌશાળાના એક સારા અને મહેનતુ સભ્ય તરીકે આ વિસ્તારમાં પશુધન માટે પણ સારી એવી મહેનત કરી છે તો આ વિસ્તારના લોકપ્રિય યુવા સમર્થન વીજળીની ગતિથી બધાના કાર્ય કરનાર લાગણી સભર જોસીલા અને મોટા પ્રમણમા મિત્રો વર્તુળ અને સમર્થો જણાવનાર અને આ વિસ્તારના ખુબ આબરૂદાર પરિવારમાંથી આવત હોય તેન જન્મદિવસ નિમિતે સૌમિત્ર મંડળ વતી શુભેચ્છાઓનો ધોધ વહેતો થયો છે.

# રાજુલા તાલુકાના આરોગ્ય કેન્દ્રો દ્વારા 'વિશ્વ તમાકુ નિષેધ' દિવસની ઉજવણી અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઈ






વ્યસન છોડવા માટે લોકોમાં જાગૃતતા આવે અને અસરકારક રીતે લોકોને માહિતી પુરી પાડી શકાય તેવા ઉમદા હેતુ સાથે આ વર્ષની થીમ તમાકુ અને નિકોટીન ઉત્પાદનો પર ઉધોગની યુકિતઓનો ખુલાસો પર રાજુલા તાલુકાના આરોગ્ય કેન્દ્રો દ્વારા ૩૧ મીમેના રોજ રેલી થકી ઉજવણી કરી લોકોમાં જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જયારે ૬૦૦ ઉપરાંત આરોગ્ય સ્ટાફ (અને) લોકો દ્વારા તમાકુ નિષેધ સંકલ્પ લેવામા આવ્યો હતો. તમાકુના સેવનથી શરીર પરની હાનિકારક અસરોને અવગત કરવા અને લોકોને તમાકુમુકિત માટે પ્રેરણા આપવાના ઉદેશ સાથે તાલુકા હેલ્થ ઓફિસ રાજુલા તળેના ડુંગર, ભેરાઈ, ખેરા અને અર્બન રાજુલા સહિતના આરોગ્ય કેન્દ્રો ખાતે રેલીનુ આયોજન કરી લોકોને બીડી, સિગારેટ, માવો, બજર અને દારૂ જેવા વ્યસનોથી દૂર રહેવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન.વી. કલસરીયા સહિતના આરોગ્ય સ્ટાફ દ્વારા સલાહ આપી હતી તેમજ અન્ય લોકોને પણ વ્યસન છોડવા માટે માહિતગાર કરવા માટે જણાવ્યુ હતુ. ઈ.એમ.ઓ. ડો.એ.કે. સિંઘના જણાવ્યા અનુસાર તમાકુની આદત છોડવી મુશ્કેલ બાબત નથી. કોઈ પણ વ્યકિત યોગ્ય ઉપચારો અને અભિગમપૂર્વક વળગીને વ્યસનને છોડાવવા માટે ધૈર્યની સાથે ઈચ્છાશકિત રાખે તો તમાકુનુ વ્યસન છોડી શકે છે. આ માટે જીલ્લા કક્ષાએ ટોબેકો કાઉન્સેલર રિયાજભાઈ મોગલ અને સોશ્યલ વર્કર નરેશભાઈ જેઠવા દ્વારા તમાકુમુકિત માટે ટોબેકો ડ્રાઈવ, યુટયુબ જેવા સોશ્યલ મીડિયા દ્વારા પ્રસાર-પ્રચાર અને વર્કશોપ દ્વારા સતત સારી કામગીરી કરાઈ રહી છે જેની નોંધ રાજય કક્ષાએ પણ લેવાઈ હોવાનું યાદીમાં જણાવેલ છે.

# બગસરામાં ગાયત્રી પરિવાર દ્વારા જયોતિ કળશ યાત્રાનું સ્વાગત કરાયુ








તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરામાં ગાયત્રી પરિવાર દ્વારા હરિદ્વારથી નીકળેલ જયોતિ યાત્રાનું આગમન બગસરા ખાતે પહોચતા બગસરા ગાયત્રી પરિવાર દ્વારા શોભાયાત્રાની સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. અને બગસરાના મુખ્ય માર્ગો ઉપર થઈ મુખ્ય ચોક વિજય ચોક ગોંડલીયા ચોક જયાં બગસરાની સામાજિક સંસ્થા દ્વારા જયોતિ કળશને ફૂલડે વધાવી હતી અને આરતી ઉતારી હતી તેમજ ત્યાં રહેતા રાજગોર મહેતા પરિવાર દ્વારા જયોતિ કળશ સાથે નિકળેલ શોભાયાત્રિકોને ફૂલડે વધાવ્યા હતા. ત્યાંથી આગળ નીકળી હોસ્પિટલ રોડ થઈ ગાયત્રી મંદિરે પહોંચી હતી આ જયોતિ કળશના મુખ્ય ઉદ્દેશ હિન્દુ ધર્મમાં જાગૃતતા લાવવાનો છે તેમજ આ યાત્રા બગસરા તાલુકાના ૧૧ ગામોમાં ત્રણ દિવસ ફરશે અને ધર્મને ઉજાગર કરવા આ યાત્રાનો મુખ્ય ઉદેશ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## નાગેશ્રીના બાઈક સવાર તરૂણનું

પોસ્ટમોર્ટમ માટે જાફરાબાદ હોસ્પિટલ ખસેડવામાં આવેલ હોવાનું જાણવા મળે છે. મૃતક યુવાનનું નામ ધર્મેશભાઈ પુંજાભાઈ પરમાર (ઉમર વર્ષ–૧૬) રહેવાસી નાગેશ્રી હોવાનું જાણવા મળ્યું છે. જયારે આ અકસ્માતની તપાસ નાગેશ્રી પોલીસ ચલાવી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## આંબરડી ગામે શિકાર માટે

સિંહણ શિકાર માટે ગામ તરફ આવી રહી હતી. અમરેલી એકસપ્રેસના પત્રકાર સુભાષ સોલંકીના ઘરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં આ સિંહણ કેદ થઈ ગઈ હતી. દ્રશ્યમાં જોઈ શકાય છે કે સિંહણ ગામમાં આવી જતા એક આખલો અને સિંહણ સામસામે આવી ગયા હતા. સિંહણ શિકાર કરે તે પહેલા જ આખલાએ સિંહણથી બચવા દોટ મુકી હતી. અચાનક જાગી ગયેલા પત્રકાર સુભાષ સોલંકીએ ઘરની બારી ખોલતાં સિંહણ ઊભી હતી અને બહાર નીકળતા સિંહણ ત્યાંથી પળભરમાં પલાયન થઈ હતી. જણાવી દઈએ કે આગાઉ પણ આંબરડી ગામે સિંહો અવાર નવાર ગામમાં ઘૂસી શિકાર કર્યાની ઘટના સામે આવી રહી છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી

નર્સરી KG સવાર – નર્સરી KG બપોર
ધો. ૧ થી ૫ સ્કૂલ સવાર – ધો. ૧ થી ૫ સ્કૂલ બપોર
ધો. ૬ થી ૮ ગર્લ્સ બપોર – ધો. ૬ થી ૮ મિશ્ર સવાર
ધો. ૯ – ૧૦ ગર્લ્સ સવાર – ધો. ૯ – ૧૦ મિશ્ર સવાર
KG થી ૧૦ – GSEB સ્કૂલ સવાર – ICSE સ્કૂલ સવાર

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૨૫ | ૧૧૧૨ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૦૭૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૭૦ | ૧૫૧૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૪૬૧ |
| ૫ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૫૦૦ |
| ૬ | તલ કાળા | ૧૭૦૦ | ૩૪૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૫૦ | ૨૦૫૦ |
| ૮ | બાજરો | ૪૨૭ | ૪૫૨ |
| ૯ | જુવાર | ૪૬૨ | ૭૮૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૫૬ | ૫૪૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૬ | ૫૩૫ |
| ૧૨ | મગ | ૯૫૦ | ૧૪૦૪ |
| ૧૩ | અડદ | ૧૩૦૧ | ૧૩૭૦ |
| ૧૪ | ચણા | ૭૦૦ | ૧૦૮૨ |
| ૧૫ | ચણા દેશી | ૭૦૦ | ૧૦૫૦ |
| ૧૬ | ચણા સફેદ | ૯૮૦ | ૧૦૮૮ |
| ૧૭ | છોલે ચણા | ૧૧૧૨ | ૧૬૪૫ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૨૭૨ |
| ૧૯ | કપાસ | ૭૦૦ | ૧૫૬૮ |
| ૨૦ | એરંડા | ૧૧૦૫ | ૧૨૩૦ |
| ૨૧ | જીરૂ | ૨૧૫૦ | ૩૮૪૦ |
| ૨૨ | ધાણા | ૧૧૪૫ | ૧૩૦૦ |
| ૨૩ | ધાણી | ૧૦૬૦ | ૧૩૫૦ |
| ૨૪ | મેથી | ૭૯૦ | ૮૯૧ |
| ૨૫ | સોયાબીન | ૬૩૦ | ૮૧૫ |
| ૨૬ | વરીયાળી | ૯૭૫ | ૧૨૦૦ |
| ૨૭ | કાંગ | ૩૮૦ | ૫૭૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## ધારી–તુલસીશ્યામ માર્ગની

લોકો પીડાઓ પણ સહન કરી રહેલા છે. છેલ્લા એકાદ મહિનાથી આર.સી.સી. રોડનું કામ શરૂ છે. મનફાવે ત્યાં ખોદાણ કામ કરીને ભરતી કરવામાં કયાંકને કયાંક દિવસોનું અંતર પણ રાખવામાં આવે છે. ટ્રાફિકને ધ્યાનમાં લેવામાં આવતું નથી. તોતીંગ વાહનો જયારે સામેથી આવતા હોય છે ત્યારે બીજા વાહનચાલકો કલાકો સુધી અટવાય છે એમાં પણ વાહનચાલકો વચ્ચે ચકમકઝરે છે. છાશવારે નાનામોટા અકસ્માતોની ઘટનાઓ સર્જાય છે પરંતુ બેદરકાર તંત્ર લોકોને પડતી મુશ્કેલીનુ નિવારણ લાવતું નથી. હાલ હરીહરની આંટી વિસ્તારમાં એકબાજુ ખોદાણ કામ કરવામાં આવેલ છે જેની ભરતી તાત્કાલિક કરવાને બદલે છેલ્લા ૨૪ કલાકનો સમય વિતી જવા છતાં કામ ઠેરનું ઠેર જોવા મળે છે. શહેરના રાહદારીઓ, વાહનચાલકોની માંગ મુજબ રોજીંદા જે કામગીરી કરવામાં આવી રહેલ છે એ કામની ભરતી પણ તાત્કાલિક કરવામાં આવે. ચોમાસાની ઋતુ આવી રહેલ છે ગમે તે ઘડીએ વરસાદ પડે અને આ ખોદાણ થયેલા રોડમાં પાણી ભરાશે તો અજાણ્યા વાહનચાલકો મોટી મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

જવાબદાર તંત્ર ધારી–તુલસીશ્યામ હાઈવેની કોન્ટ્રાકટર એજન્સી લોકોની વ્યાજબી માંગણીને ધ્યાનમાં રાખીને કોઈ નાના મોટા અકસ્માત ન સર્જાય એ માટે રોડની જે એક સાઈડનું ખોદાણ કરવામાં આવેલ છે તેમાં ભરતી પણ તાત્કાલિક કરીને લોકોની મુશ્કેલીને દુર કરવા આળસ ખંખેરી યુધ્ધની ગતિએ કામગીરી કરે અન્યથા લોકોની ધીરજ ખુટશે તો ગાંધી ચિંધ્યા માર્ગે જઈને આ બેદરકારી દાખવી રહેલ તંત્રની આંખ ઉઘાડવા માટે આંદોલન પણ કરશે તેવું લોકોએ જણાવ્યું છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૫ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૧૦ | ૧૩૬૦ |
| ૩ | મગફળી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૪ | ઘઉં | ૪૫૫ | ૫૧૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૫૦ | ૧૭૦૦ |
| ૬ | તલ કાળા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ૭ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૮ | મગ | ૧૧૫૦ | ૧૪૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ૩ | શીંગ નવી | ૯૫૦ | ૧૨૦૦ |
| ૪ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૫૦ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૩૩૦૦ |
| ૭ | જીરૂ | ૩૪૦૦ | ૩૯૪૧ |
| ૮ | કપાસ | ૧૨૧૦ | ૧૫૦૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૦૦ |
| ૧૧ | બાજરો | ૩૩૫ | ૬૫૧ |
| ૧૨ | જુવાર | ૫૨૦ | ૮૫૦ |
| ૧૩ | મકાઈ | ૩૧૫ | ૪૯૫ |
| ૧૪ | મગ | ૧૧૩૦ | ૧૫૮૦ |
| ૧૫ | અડદ | ૧૩૦૦ | ૧૩૮૦ |
| ૧૬ | ચણા | ૧૦૪૫ | ૧૧૦૫ |
| ૧૭ | દેશી ચણા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| ૧૮ | તુવેર | ૧૦૮૦ | ૧૨૬૫ |
| ૧૯ | એરંડી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૨૦ | ધાણા | ૯૮૦ | ૧૩૭૬ |
| ૨૧ | સોયાબીન | ૭૨૦ | ૭૭૫ |

## અમરેલી પોસ્ટ ઓફિસનાં વેન્ડર વયમર્યાદાથી નિવૃત્ત થયા



અમરેલી, તા. ૨

અમરેલી ખાતે આવેલ મુખ્ય પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૪૫ વર્ષથી સ્ટેમ્પ વેન્ડર તરીકે ફરજ બજાવતા અને લોકોની સેવામાં હંમેશા તત્પર રહેતા યશવંત જી. નલગે ગત તા.૩૧/૫ ના રોજ ૬૫ વર્ષની ઉંમરે વયમર્યાદાના કારણે ફરજમાંથી નિવૃત્ત થતાં તેમને હેડ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર, પબ્લિક રિલેશન ઓફિસર સહિતના સ્ટાફે વિદાયમાન આપવામાં આવેલ હતું. આ તકે નિવૃત્ત થતાં વાય.જી. નલગેને નિવૃત્ત જીવન સુખમય, તંદુરસ્ત અને દીર્ઘાયુ જીવન પસાર થાય તેવી શુભકામનાઓ પણ પાઠવવામાં આવી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૭૦૦ | ૯૧૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૪૯૨ |
| ૩ | સફેદ ચણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૪ | તુવેર | ૧૧૦૦ | ૧૧૨૬ |
| ૫ | ધાણા | ૯૦૦ | ૧૨૦૬ |
| ૬ | એરંડા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૭ | મગ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૮ | ચોળી | ૭૦૦ | ૧૩૦૫ |
| ૯ | તલ | ૧૬૨૦ | ૧૬૨૦ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૨૨૫ | ૧૨૩૬ |
| ૧૧ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | સોયાબીન | ૬૬૫ | ૭૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૧૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૪ | ૫૦૦ |
| ૪ | ધાણા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૫ | ચણા | ૯૮૦ | ૧૦૭૦ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૫ |
| ૭ | શીંગદાણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૮ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૩૦ |
| ૧૦ | સોયાબીન | ૬૦૦ | ૭૫૧ |
| ૧૧ | તલ કાળા | ૧૫૦૦ | ૨૬૨૦ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | રાય | ૯૦૦ | ૯૦૦ |
| ૧૪ | એરંડી | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૫ | ચણા છોલે | ૧૧૬૦ | ૧૧૬૦ |

## લાઠી તાલુકામાં તમાકુ નિષેધ દિનની ઉજવણી




દામનગર, તા. ૨

અમરેલી ના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર એમ જોશી અને ડો એ કે સિંગની સૂચનાથી તા.૩૧ મે નાં રોજ લાઠી તાલુકામાં વિશ્વ તમાકુ નિષેધ દિન ની પાંચ દિવસીય ઊજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો નું આયોજન કરાયુંહતું. જેમાં શહેર ના મુખ્ય માર્ગો પર આર બી એસ કે સ્ટાફ, આરોગ્ય કર્મચારીઓ અને આશાઓ દ્વારા બેનર અને સૂત્રોચ્ચાર સાથે રેલીનું આયોજન કરી તમાકુ નિષેધ અંગે લોકજાગૃતિ માટે આરોગ્ય કેન્દ્રો ખાતે લઘુ શિબિર નું આયોજન કર્યુંહતું. તમામ ને તમાકુ નિષેધ ના શારીરિક, આર્થિક અને સામાજિક લાભો વિશે અવગત કરી તમાકુ નિષેધ અંગે પ્રતિજ્ઞા લેવડાવી હતી. વિવિધ વિસ્તારમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ (કોટપા એકટ ૨૦૦૩) કાયદાની અમલવારી કરવામાં આવી. જાહેર સ્થળો પર ધૂમ્રપાન કરતા લોકો ને પકડી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. તમાકુની બનાવટો વેચતી દુકાનોમાં ચેકીંગ હાથ ધરી તમાકુ મુક્ત સ્વસ્થ સમાજની રચના માટે આરોગ્ય તંત્ર દ્વારા માર્ગદર્શક પત્રિકા નું વિતરણ કર્યું હતું. તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર. આર. મકવાણા ના નેતૃત્વ માં તમામ આરોગ્ય કેન્દ્રો ના આરોગ્ય કર્મીઓ દ્વારા આ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવેલ હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં દારૂનું વેચાણ

પોલીસ દ્વારા રવિવારે પ્રોહીબીશન અંગેની ડ્રાઈવ રાખી ઠેર–ઠેર ચેકિંગ હાથ ધરી હતી. જેમાં એક જ દિવસમાં પોલીસે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૭૩ જેટલાં ગુન્હાઓ દાખલ કરી આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા પીધેલી હાલતમાં રખડતા ભટકતા ૪૧ જેટલાં નશેડીઓને લોકઅપમાં ધકેલી દઈ તમામનો નશો ઉતારી નાખ્યો હતો. જયારે ૩૧ જેટલા દેશી દારૂની હેરફેર કરતા શખ્સોને ઝડપી પાડયા હતા તથા વિદેશી દારૂનો ૧ ગુન્હો દાખલ કરી એક જ દિવસમાં ૭૩ ગુન્હાઓ જે તે પોલીસ સ્ટેશનમાં દાખલ કરી દેતા નશો કરતાં તથા દેશી દારૂની હેરફેર કરતાં શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૨૬ | ૯૯૩ |
| ૨ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૯૫૫ |
| ૩ | તલ કાળા | ૨૨૦૦ | ૨૪૫૫ |
| ૪ | તલ પીળા | ૧૭૦૦ | ૧૯૪૦ |
| ૫ | કપાસ | ૯૦૦ | ૧૫૨૫ |
| ૬ | બાજરો | ૩૦૮ | ૪૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૭ |
| ૮ | જુવાર | ૩૨૭ | ૯૦૦ |
| ૯ | મગ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૭૦૦ |
| ૧૧ | તુવેર | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૦૫૬ |
| ૧૩ | જીરૂ | ૩૪૫૦ | ૩૭૦૦ |
| ૧૪ | ચોળી | ૧૮૩૩ | ૧૮૩૩ |
| ૧૫ | ધાણા | ૯૫૧ | ૧૧૦૦ |

# લીલીયા મોટા ખાતે તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઈ





લીલીયા મોટા ખાતે તા.૩૧/૫/૨૦૨૫ના રોજ ''વિશ્વ તમાકુ નિષેધ દિવસ''ની ઉજવણી કરવામાં આવી. ઉજવણીના ભાગરૂપે લોકો તમાકુના વ્યસનથી દુર રહે તે આશયથી જન જાગૃતિ લાવવા માટે મોટા લીલીયા ખાતે તાલુકા હેલ્થ ઓફિસ ધ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું. જે રેલી મામલતદાર કચેરીએથી મામલતદાર બી.એસ. પટેલ ધ્વારા રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવેલ. જે રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. આ રેલીમાં લીલીયા તાલુકાવિકાસઅધિકારી કિશોરભાઈ આચાર્ય, તાલુકા હેલ્થ ઓફિસર ડો.એમ.એ. સિદ્ધપુરા, મેડિકલ ઓફિસર ડો.જય વાઘેલા, આરોગ્ય સુપરવાઈઝર, ફિમેલ હેલ્થ વર્કર બહેનો, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર ભાઈઓ, આશા બહેનો, આશા ફેસિલિટેટર બહેનો, તાલુકા આરોગ્ય કચેરીસ્ટાફ રેલીમાં હાજર રહેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ડીઆઈજી અને એએસપીએ મુલાકાત લીધી

## સાવરકુંડલા : પોલીસની પરીક્ષાની તૈયારી કરતા પરીક્ષાર્થીઓને ઉચ્ચ અધિકારીનુ માર્ગદર્શન

### પોલીસ સેવામાં જોડાવવા અંગે મુલ્યવાન સુચનો કર્યા




સાવરકુંડલા, તા. ૨

સાફલ્ય એજ્યુકેશન સાવરકુંડલા ખાતે ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર અને સાવરકુંડલા એ.એસ.પી. વલય વૈદ્ય ગુજરાત પોલીસની તૈયારી કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું તેમજ આ કાર્યક્રમમાં તેમણે વિદ્યાર્થીઓને પોલીસ સેવામાંજોડાવામાટેનીતૈયારીઓ, પરીક્ષાની વ્યૂહરચના અને કાયદો-વ્યવસ્થા જાળવવાની જવાબદારીઓ વિશે મૂલ્યવાન સૂચનો આપ્યા.

આમ પોલીસ તંત્ર પણ હવે પોલીસ સેવામાં નિષ્ણાંત બને તેવા પરીક્ષાર્થીઓને બિરદાવી. કાયદાના અનુશાસનને વધુ સશસકત બનાવવાની નેમ ધરાવે છે એવું પ્રતિત થાય છે.

### શાખપુરનાં સરપંચે સાંસદને પત્ર પાઠવ્યો

## ખેડૂતોને ગત વર્ષનાં પાક ધિરાણ અંતર્ગત 3 ટકાનું વ્યાજ મળેલ નથી

### ખેડૂતો આર્થિક સંકડામણમાં હોય રકમ ફાળવો



દામનગર, તા. ૨

દામનગર-શાખપુર ખેડૂતોને ગયા વર્ષે પાક ધિરાણ ઝીરો ટકાની જાહેરાત ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી જેનું ગુજરાત સરકારે ચાર ટકા વ્યાજ ખેડૂતોના ખાતામાં જમા કરાવેલ છે કેન્દ્ર સરકારનું ત્રણ ટકા વ્યાજ હજુ સુધી મળેલ નથી. જેથી વહેલી તકે ખેડૂતોને વ્યાજ જમા કરાવવામાં આવે તો હાલ ચોમાસાની સિઝન નજીક હોય અને ખેડૂતોને આર્થિક રીતે સહાયની જરૂર પણ હોય. તો કેન્દ્ર સરકાર વહેલીતકે પાક ધિરાણનું ત્રણ ટકા વ્યાજ ખેડૂતોના ખાતામાં જમા કરાવે તો ખેડૂતોને હાલ જરૂરિયાત સમયે ખૂબ જ ઉપયોગી થઈ શકે તેની રજૂઆત શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણે સાંસદ ભરતભાઈ સુતરીયાને પત્ર લખીને રજૂઆત કરી છે. ખેડૂતોને ગયા વર્ષનું કેસીસી પાક ધિરાણનું વ્યાજ રાજય સરકારે ચાર ટકા જમા કર્યું હવે કેન્દ્ર સરકાર ત્રણ ટકા વ્યાજ વહેલી તકે જમા કરવા રજૂઆત કરાય છે.

### ઉનાળાની ગરમીમાં ઠંડક આપતુ સંભારણું

## અમરેલી : વૃંદાવન ટ્રસ્ટ દ્વારા ૧ હજાર કુંડા અને ૭૦૦ માળાનું વિતરણ કરાયુ

### ગૌ સેવાથી લઈને પક્ષી દયાની ઉમદા કામગીરી




અમરેલી, તા. ૨

અમરેલી વૃંદાવન સેવા ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૫ના ઉનાળા દરમ્યાન પક્ષીઓ માટે જીવદયાના ઉદ્દેશથી અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૭૦૦થી વધુ પક્ષીના માળા અને ૧૦૦૦થી વધુ પાણીના કુંડા લગાવામાં આવ્યા.

ટ્રસ્ટના પ્રમુખ પ્રશાંતભાઈ ચુડાસમાએ જણાવ્યુ હતું કે, ''વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ વર્ષ ૨૦૧૪ થી સતત ગૌ સેવા, બ્લડ હેલ્પલાઈન, કરૂણા અભિયાન, કાઉ હગ દિવસ, ગૌમય દિવાળી તેમજ ઉનાળામાં પક્ષી બચાવ માટે ખાસ ઝુંબેશ ચલાવતું આવ્યું છે.'' આ વિધેયક પ્રવૃત્તિઓ પાછળ અનેક ગૌસેવક સંગઠનો તથા દાતાનો સહકાર રહ્યો છે. જેમાં દાનેવ ગૌસેવા ગ્રુપ ચલાલા, ગૌ સવર્ધન સેલ અમરેલી જિલ્લા ટીમ, સિમબા ગ્રુપ ધારી તથા કલ્યાણ મહાદેવ મંદિર સાવરકુંડલા વિશેષ ઉલ્લેખનીય છે. તેમજ ટ્રસ્ટ તરફ નીચે સહયોગીઓને વિશેષ આભાર વ્યક કરવામાં આવ્યો છે :

અર્જુનભાઈ પાથર (બાલ કૃષ્ણ એજન્સી દામનગર), દીપકભાઈ ડેર (ગુરૂકૃપા ટ્રાવેલ્સ), મુન્નાભાઈ કાબરીયા, ગોવિંદભાઈ આલ, યુવરાજસિંહ સરવૈયા, અબીનવ કાબરીયા, ભદ્રેશભાઈ કાબરીયા (અમદાવાદ), ચાંદભાઈ, ચિરાગભાઈ ગૌસ્વામી, ચકાભાઈ રામાણી, ધમભાઈ ધાધાલ, મોહિતભાઈ સાવલિયા, સુમિતભાઈ સોજીત્રા, વિરજીતભાઈ વિંછીયા, વૈભવભાઈ અસવ, જિમ્મીભાઈ આહીર, ભવ્યભાઈ, વનરાજભાઈ, અવધ ડેરી વિપુલભાઈ, તેજસભાઈ નિમાવત (સા.કુ) તેમજ બાબુભાઈ સોલંકી (સા.કુ), પારસભાઈ દામનગર, સુજીતભાઈ દ્વારા આ કાર્ય અમરેલી જિલ્લાના સાવરકુંડલા, રાજુલા, ચલાલા, દામનગર, ધારી, લિલિયા, હનુમાનગાળા સહિતના ગામોમાં કરવામાં આવ્યું . વૃંદાવન ગૌસેવા ટ્રસ્ટ આ ભાવિ દિવસોમાં પણ આવી જ સેવાભાવી પ્રવૃત્તિઓ દ્વારા વધુને વધુ જીવમાત્રની સેવા કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## કોટડાપીઠા : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા 'વિશ્વ તમાકુ નિષેધ' દિનની ઉજવણી


તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા

કોટડાપીઠા, તા.૨

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા ધ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા મેલેરિયા અધિકારીની સુચના અને તાલુકા હેલ્થ ઓફિસર બાબરાના માર્ગદર્શન મુજબ કોટડાપીઠા ગામ ખાતેનાં ગૌપાલક છાત્રાલયમાં ૩૧મે વિશ્વ તમાક નિષેધ દિન ઉજવણી કરવામાંઆવીહતી. તમાકુના સેવનથી થતા મોઢાના, જીભના તથા દાતના, પેઢાના કેન્સરને અટકાવવા માટે કોટડાપીઠા ગામ ખાતે ઉજવણી કરવામાંઆવીહતી. અને રેલીસ્વરૂપે જન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવેલ. ધુમ્રપાનના સેવનથી પોતે તેમજ પોતાની આસપાસના વ્યકિતઓને આરોગ્ય નુકશાન થાયછે. અને ધુમ્રપાન કરનાર વ્યકિતને હૃદય રોગનું જોખમ રહે છે. તેમને અને તેમના કુટુંબને પણ બરબાદ કરી શકે છે. વગેરે માહિતી કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર મેહુલભાઈ ડાંગર દ્વારા આપવામાંઆવીહતી. તમાકુ અને ધુમ્રપાનનો નિષેધ કરવા અંગેની પ્રતિજ્ઞા લેવરાવવામાં આવેલી. આ તકે પત્રીકા વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કોટડાપીઠા ગામ ખાતેનાં ગૌપાલક છાત્રાલયના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. કાર્યકમને સફળ બનાવવા કોટડાપીઠા આરોગ્ય ટીમે જહેમત ઉઠાવી હતી. તેમાં જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત અમરેલીનો સહયોગ સાંપડેલ હતો. તેમ કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરની યાદીમાં જણાવેલ છે.

## એક જ જમીન પર મકાઈ વારંવાર ન વાવતા પાકની ફેરબદલી અપનાવી

અમરેલી, તા. ૨

જિલ્લાના ખેડૂતોએ ખરીફ મકાઈના પાકમાં રોગ જીવાત સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં અને વાવણી સમયે લેવાના પગલાઓ ભરવા જરૂરી છે. ખેડૂતોએ જમીનમાં ઉંડી ખેડ દિવસ દરમિયાન કરવી જેથી તેમાં રહેલ કોશેટા બહાર આવતા પક્ષીઓ દ્વારા કુદરતી નિયંત્રણ મળશે. તંદુરસ્ત અને રોગમુકત બિયારણ વાપરવું, ભલામણ કરેલ ખેતી પદ્ધતિનો સમયસર ઉપયોગ કરવો, એક જ જમીન પર મકાઈ વારંવાર ન વાવતા પાકની ફેરબદલી અપનાવવી. પિયત અને રાસાયણિક ખાતરનો વપરાશ ભલામણ મુજબ કરવો, મકાઈમાં પાછોતરો સૂકારો રોગના નિયંત્રણ માટે સારા નિતારવાળી જમીન વાવણી માટે પસંદ કરવી તેમજ જમીનનું તાપમાન નીચું રહે તે માટે ટૂંકા ગાળે પિયત આપવાથી રોગમાં ઘટાડો થાય છે. મકાઈમાં ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે મગ, અડદ, તુવેર અથવા ચોળાં આંતરપાક તરીકે વાવવા. વાવેતર પહેલા લીંબોળીનો ખોળ ૧ ટન પ્રતિ હેક્ટર નાંખવું, પૂંછડે ચાર ટપકાવાળી લશ્કરી ઈયળ (ફોલ આર્મીવોર્મ)ના નિયંત્રણ માટે ઓછી સંવેદનશીલ જાતો જેવી કે ગુજરાત આણંદ પીળી મકાઈ હાઈબ્રીડ-૧ અને ઉનું વાવેતર કરવું. પાનના સુકારા તેમજ તડછારો રોગ સામે પ્રતિકારક જાતો જેવી કે, ગુ.આ. પી.સં.મ.- ૧, ગુ.આ.સ.સં.મ.-૨, ગુ.આ.પી.સં.મ.-૩, ગંગા સફેદ-૨ અને ૧૧, ગુજરાત મકાઈ ૨,૪,૬, નર્મદા મોતી, ગંગા-૫, ડેક્કન-૧૦, શ્વેતા, નવીન અને જવાહર જેવી જાતોની વાવણી કરવી. ગાભમારા, સાંઠાની ઈયળના વ્યવસ્થાપન માટે બિયારણનો દર વધારે રાખવો જેથી શરૂઆતમાં ઉપદ્રવ લાગેલા છોડ ઉપાડી ઈયળ સહિત નાશ કરવાથી ઉપદ્રવ ઘટાડી શકાય અને એકમ વિસ્તારમાં છોડની સંખ્યા સાચવી શકાય. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ બીજામૃતનો પટ આપી બીજને છાંયડામાં સૂકવી વાવેતર કરવું. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાંખવું. મકાઈના બીજનો કોહવારો, પાનનો સૂકારો અને ઉગતા છોડનો સૂકારો અટકાવવા માટે બીજને જૈવિક ફૂગનાશક તરીકે ટ્રાયકોડર્મા ૬ ગ્રામ પ્રતિ એક કિલોગ્રામ બીજ દીઠ માવજત આપીને વાવવા અથવા જરૂરિયાત ધ્યાને લઈ ફૂગનાશક દવા તરીકે થાયરમ અથવા કાર્બેન્ડેઝિમ ૨-૩ ગ્રામ પ્રતિ ૧ કિ.ગ્રા. બીજની માવજત આપીને વાવણી કરવી.

ટપકાંવાળી લશ્કરી ઈયળ સામે રક્ષણ માટે બીજને કીટ નાશકના તૈયાર મિશ્રણ સાયન્ટ્રાનીલીપ્રોલ ૧૯.૮ ટકા વત્તા થાયામેથોકઝામ ૧૯.૮ ટકા એફએસ, ૬ મિ.લિ. પ્રતિ કિ.ગ્રા. પ્રમાણે સપ્રમાણ પાણી ભેળવી બીજ માવજત આપી છાંયડે સૂકવી વાવેતર કરવું.

આ અંગે વધુ વિગતો માટે સંબંધિત વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### પાલિકાનાં પ્રમુખ સહિતનાં પદાધિકારીઓની ઉપસ્થિતિમાં

## અંતે બાબરાનાં વોર્ડ નં. ૪માં આવેલ હવેલી શેરી વિસ્તારમાં સફાઈ અભિયાન શરૂ

### સ્થાનિક અગ્રણીની રજુઆત બાદ તંત્ર દોડયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરામાં, તા. ૨

બાબરા શહેરના વોર્ડ નંબર ચારમાં ગંદકી તેમજ બઝારમાં ઉકરડામાં પાથરા તેમજ ખૂલી કુંડીના કારણે રહીશોને પડતી હાલાકીના કારણે સ્થાનિક અગ્રણી મનસુખભાઈ કારીયાએ પાલિકામાં રોશભેર રજુઆત કરી વિસ્તારમાં પૂરતી સફાઈ કરવા તેમને પાલિકા પ્રમુખને સ્થળ નિરિક્ષણ કરવા જણાવ્યું હતું. નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી અને કારોબારી સમિતિના ચેરમને અશ્વીનભાઈ મકવાણા દ્વારા વોર્ડ ચારના હવેલી વિસ્તારમાં સ્થળ વિઝીટ કરી તાત્કાલિક અસરથી સફાય કર્મચારીઓની એક ટુકડી હવેલી શેરીમાં મૂકી સમગ્ર વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં સફાય કરાવી તેમજ ઉકરડા ભરવામાં આવ્યા અને ખૂલી કુંડી ઢાંકનું ફિટ કરવામાં આવતા સ્થાનિકો લોકોમાં રાહતનો શ્વાસ લેવામાં આવ્યો હતો.

પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે ખૂલી કુંડીના ઢાંકણા ફિટ કામગીરી પાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે જે વિસ્તારમાં કુંડી તૂટી ગઈ હશે ઢાંકાના નહિ હોય તે તમામ વિસ્તારમાં ચોમાસા પહેલા કામગીરી પૂર્ણ કરવામાં આવશે.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસકમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજ્યુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in




## રાહદારીઓ, વાહનચાલકો સહિત સૌ કોઈ તોબા પોકારી ગયા

# ધારી–તુલસીશ્યામ માર્ગની ગોકળગાયની ગતિએ ચાલતી કામગીરી

**ચોમાસાને હવે ગણતરીનાં દિવસો બાકી હોય યુધ્ધનાં ધોરણે કામગીરી કરવી જરૂરી**

**અવારનવાર સિંગલ માર્ગ ઉપર વાહન ચાલકો વચ્ચે ચકમક ઝરી રહી છે**

**મનફાવે તે રીતે ખોદકામ કરાતા સુવિધાને બદલે દુવિધા વધી**

**માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ સમસ્યાનું કરે સમાધાન**


તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા. ૨

ધારી–તુલસીશ્યામ હાઈવેની હાલ કામગીરી ચાલી રહેલ છે લોકોની સુખાકારી માટે અને પ્રવાસીઓને સારી સુવિધાઓ મળી રહે એ માટે ગુજરાત સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. પરંતુ લોકોને આ સુવિધાઓ મળે એ પહેલા અનેકવિધ દુવિધામાંથી પસાર થવાનો વારો આવેલ છે. એમાં પણ હીમખીમડીપરાથી રેલ્વે ફાટક સુધીની આર.સી.સી. કામગીરીના કારણે અવારનવાર છાશવારે નાનામોટા અકસ્માતો સર્જાય રહેલા છે. ટ્રાફિક થી ધમધમતા ધારીથી તુલસીશ્યામ સુધીના રોડની કામગીરી બાબતે કયાંકને કયાંક

અનુસંધાન પાના ૬ ઉપર

## મધ્ય રાત્રિએ બનેલ ઘટના સીસીટીવીમાં કેદ

# સાવરકુંડલા : આંબરડી ગામે શિકાર માટે આવેલ સિંહણ અને આખલો આમને સામને

**સિંહણને નિહાળી એ આખલાએ દોટ મુકી**

આંબરડી, તા. ૨

સિંહોની વસ્તી ગણતરી પૂરી થયા બાદ ફરી હવે સિંહો ધીમે ધીમે શિકાર માટે માનવ વસાહત તરફ આવી રહ્યા છે. ત્યારે અમરેલીના સાવરકુંડલા પંથકનો એક સિંહણ શિકાર માટે ગામમાં આવતાની ઘટના સીસીટીવીમા કેદ થઈ હતી.

ગુજરાતમાં એશિયાઈ સિંહોની ગણતરી બાદ સિંહો રેવન્યુ વિસ્તારમાં મુકત મને વિહરવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે રાજયમાં ૭ જિલ્લાઓમાં સિંહોનો વસવાટ વન વિભાગમાં રેકર્ડમાં નોંધાયો તેમાં સૌથી વધુ સિંહોની સંખ્યા અમરેલી જિલ્લામાં નોંધાઈ છે. ૩૩૯ જેટલાં સિંહોનો વસવાટ ધરાવતા અમરેલી જિલ્લામાં સાવરકુંડલા, ધારી, ખાંભા, જાફરાબાદ, રાજુલા, લીલીયા સહિત વિસ્તારોમાં સિંહોના અલગ અલગ ગૃપો વસે છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રે સાવરકુંડલાના આંબરડી ગામે એક યુવા


તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી જિલ્લામાં આખલાઓની સમસ્યા સામે તંત્ર નત્ મસ્તક

# સાવરકુંડલાનાં હાથસણી માર્ગ ઉપર આવેલ ત્રણ માળિયા નજીક આખલા યુધ્ધથી ફફડાટ

**સૌથી મોટી સમસ્યાનાં નિરાકરણ માટે કોઈને ઉતાવળ નથી**



સાવરકુંડલા, તા. ૨

દુનિયામાં ચારે તરફ યુધ્ધોન્માદ છવાયો હોય આ રસ્તે રખડતાં આખલાંઓ પણ થોડા બાકાત રહે. સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલ ત્રણ માળિયા વિસ્તારમાં બે આખલાંઓ બરોબર યુદ્ધે ચઢયા. જાહેર રસ્તા પર લગભગ પંદરેક મિનિટ આ આખલાંઓ ઘડીક આમ તો ઘડીક તેમ એકબીજાને શિંગડા ભરાવીને જાણે ભારત પાકિસ્તાનનું યુધ્ધ હોય તેમ જંગે ચડયા..!! રસ્તા પર ચાલતાં દિચકી વાહન ચાલકો પણ ઘડીભર થંભી ગયા. એક મોટર સાયકલ સવાર તો આ જંગ વચ્ચેથી પસાર થતાં આ દાખલાઓની હડફેટે આવતા થોડોક બચી ગયો. સાવરકુંડલા શહેરમાં આ કંઈ નવુ નથી આવા દ્રશ્યો અવારનવાર સર્જાય છે. પરંતુ આનો કોઈ હલ નથી. મોટા માથાના લોકો પણ આ આવી સમસ્યા હલ કરવા બિલકુલ વામણાં સાબિત થતાં હોય તેમ આનું કાયમી નિરાકરણ કરી શકતા નથી. કદાચ એ રોષે ભરાઈને જ આ બંને આખલાંઓ જંગે ચડ્યા હોય તો ના નહીં કહેવાય. અફસોસ આપણે તેની ભાષા નથી સમજી શકતા...! જો તેની ભાષા સમજાતી હોત તો તેને પણ મુત્સદીઓ આડીઅવળી વાતો અને મઘલાળ લગાડીને સમજાવી દેત.!!













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)